RNI NO. GUJGUJ/2015/64872

SINCE - 1968

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-2 | Ahmedabad, Monday 05/09/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86



**આ અંકમાં શું વાંચશો?**



ઓસ્ટ્રેલિયા ૨



વર્તમાન સમયમાં શિક્ષણનું સ્તર ૩



તોફાની ખિસકોલી ૪



પેપર તૂર્કી ક્રાફ્ટ ૫



ચાલો જાણીએ સાક્ષરતાનો ભારતમાં વિષય આંક ૮



ભારતે સ્વતંત્રતા કેવી રીતે મેળવી? શું તમે આ જાણો છો? ૧૨


# બાળકને ઘડતર દ્વારા મૂલ્યયુક્ત બનાવીએ

બાળકને બાળપણથી કેળવવાનું હોય છે. યોગ્ય ઘડતર કરવાનું હોય છે. કેળવણીનો અર્થ જ થાય છે. બાળકનું યોગ્ય ઘડતર આ ઘડતર મૂલ્યયુક્ત હોવું જોઈએ. ટૉલ્સ્ટૉયના ઘડતરનું મૂલ્ય શું છે તે જાણવા એક વ્યક્તિએ તેમને તેમના પ્રવચન સમયે પ્રશ્ન કર્યો. તેમણે તે સમયે એક સુંદર જવાબ આપ્યો. લોઢાનો ટૂકડો વેચવા જાઓ. તો રૂા. ૧ ઉપજે, એ માંથી ઘોડાની નાળ બનાવવામાં આવે અને વેચવા જાઓ તો અઢી રૂપિયા ઉપજે પરંતું જો ઘડિયાળની ઝીણી ઝીણી કમાનો બનાવી વેચવામાં આવે તો હજારો રૂપિયા ઉપજે માણસનું આવું જ છે. જેવું જેનું ઘડતર કરવામાં આવે તેટલું મૂલ્ય બદલાય. કુંભાર ટીપી ટીપીને માટલાને ઘાટ આપવા માટે તેમાં રહેલો દોષ દૂર કરે છે. તેને બહારથી ચોટ પણ લાગે છે છતાં અંદર રાખેલ હાથથી ઘડો સુંદર આકાર ધારણ કરે છે.



નાનું બાળક ઘડાય છે. તે ભૂલ કરશે પણ તેની તે ભૂલોમાંથી ઘણું શીખશે. એને વારંવાર ટોક્યા કરવાથી નહીં શીખે. બાળકને વિચારવા દો. જાતે વિશ્લેષણ કરવા દો. સારા નરસાની પરખ કરવા દો. એનો વિકાસ થશે. બાળવયથી જ એને રચનાત્મક કામ આપી વિચારોનું આરોપણ કરવા પ્રવૃત્તિઓ કરશે. વાંચન કરશે. સારા પુસ્તકોનું વાચન કરશે તો ચોક્કસપણે વિકાસ થશે. ચારિત્ર્ય ઘડતરથી બાળકોમાં આત્મવિકાસ આત્મસન્માન તેમજ પ્રતિભા ખીલશે. બાળકમાં હકારાત્મક વિચારો રોપો. નકારાત્મક વિચારો તે ના તરફ વિશેષ જશે. પ્રસંગોપાત એવી વ્યક્તિની વાત બાળકને કરો જે પોતાની રીતે આગળ વધ્યા હોય દા.ત. માર્ક ઈંગ્લીશના પગ કૃત્રિમ હતા છતા માઉન્ટ એવરેસ્ટ સર કરી શક્યા. તેઓ કહેતા વ્યક્તિના દરેક કાર્યમાં એકાગ્રતા, સમજણ, સાથીઓ સાથેની દોસ્તી અને સહયોગ તથા પરિશ્રમ જેવા ગુણોનો વિકાસ થવો જરૂરી છે.

જીવન જીવવાની સાચી કળાને બાળક જાણે, માણે અને તે પ્રમાણે તે તેના જીવનને બનાવે તે જરૂરી છે. તે મુશ્કેલીઓનો નાની વયથી જ સામનો કરવા માટે તૈયાર થાય તે જરૂરી છે.

એક લકવાગ્રસ્ત માણસને કોઈકે તેનો ઉમંગ ઉત્સાહ જોઈ પ્રશ્ન કર્યો કે તમારા પગ ચાલતા નથી તમને પક્ષઘાત થયો છે અને છતાં વ્હીલચેરમાં બેસી વિશ્વયાત્રાએ નીકળ્યા છો. તમારા ચહેરા પર વિશ્વાસ પ્રસન્નતા જણાય છે. તેનું રહસ્ય શું છે. તે લકવાગ્રસ્ત માણસે સુંદર જવાબ આપ્યો. સાંભળીને પ્રશ્ન પુછનાર અવાક્ થઈ ગયા તેમણે ઉત્તર વાળતા કહ્યું "પક્ષઘાત પગમાં થયો છે, મસ્તિષ્કમાં નહિં" બાળકને લકવાગ્રસ્ત બનાવવું છે કે મજબુત તે નક્કી કરવાનું રહે. બાળકને ધીરેધીરે તે એક પગથિયું ઉપર ચઢે તે પ્રમાણે સાચું અને ઉપયોગી જ્ઞાન આપવાનું છે.

બાળકમાં ભરપૂર લાગણીઓ હોય છે. માત્ર તેને વ્યક્ત કરતા નથી આવડતું માટે તેને તે પ્રકારની તાલીમ આપવાની જરૂર છે. ઘણીવાર ક્રોધમાં આવી માતા-પિતા તરીકે તેની લાગણીઓને સમજી નથી શકતા. ક્રોધના આવેશમાં આવી અપશબ્દો બોલી બે થપાટ પણ મારી દેતા હોય છે. છતાં પેલું નિર્દોષ બાળક તો તેની સૂઝ પ્રમાણે ચૂમીઓ લઈ તેને બોક્ષમાં ભરી દેવાનું ડહાપણ કરે છે. આ ખાલી લાગતા બોક્ષમાં પેલા બાળકની ચૂમીઓ - સ્નેહ ભરેલો છે. તે મોટેરાને ક્યાંથી ખબર હોય.? અને આવી પરિસ્થિતિમાં જ્યારે બાળક હડધૂત થાય છે ત્યારે તેનું હ્રદય ઘવાય છે.

બાળપણથી જ તેને Head, Hand and Heart (ત્રણ - H) નો ઉપયોગ કરતાં શીખવાડવામાં આવે છે. Head - બુદ્ધિનો ઉપયોગ કરે. Hand - Creative work - સર્જનાત્મક કાર્ય કરે. Heart લાગણી કે ભાવનાને વ્યક્ત કરે. આટલી મોકળાશ તો પ્રત્યેક બાળકને બાળવયથી જ મળવી જોઈએ.

જો આમ કરવામાં આવે તો ચોક્કસપણે આપણે દાવાપૂર્વક કહી શકીએ કે બાળક જીવનને નવપલ્લવિત કરવામાં સફળ થશે. તે આનંદ કરતા જ ઘણું શીખશે. જે બીજાને પણ ઉપયોગી થાય.

ચાલો, તો આપણે સૌ બાળકને એક ચોક્કસ દિશા બતાવવા મદદરૂપ થઈએ. જરૂર સફળતા મળશે.




**કુમુદલત્તા ભટ્ટ,**
**ચેરપર્સન, ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ**


## સ્કૂલોમાં બીજા અને ચોથા શનિવારે રજાનો પ્રસ્તાવ

**અમદાવાદ:** રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ સ્કૂલોમાં સરકારી કચેરીઓની માફક બીજા અને ચોથા શનિવારે રજા રાખવામાં આવે તેવો પ્રસ્તાવ બોર્ડના સભ્ય દ્વારા આગામી ૨૯મીની બોર્ડ બેઠકમાં મુકવામાં આવનાર છે. જેની જાણ થતા સ્કૂલ સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં ઉત્તેજના પ્રસરી ગઈ છે. જો કે હજુ સુધી આ વિચાર પ્રસ્તાવના તબક્કે જ છે તેને મંજૂરી આપવી કે નહીં તેનો અંતિમ નિર્ણય બોર્ડની બેઠકમાં લેવામાં આવશે. જો નિર્ણય થશે તો રાજ્યના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને ફાયદો મળશે.

સરકારી કચેરીઓમાં બીજા અને ચોથા શનિવારે કર્મચારીઓને રજાનો લાભ આપવામાં આવે છે. જો કે સ્કૂલોમાં આવો ક્યાંય નિયમ નથી. સ્કૂલોમાં રજાનો પ્રસ્તાવ બોર્ડના સદસ્ય ડો. પ્રિયવદન કોરાટ રજૂ કરવાના છે. હાલમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં દર શનિવારે અડધો દિવસ ભણાવવામાં આવે છે. આ નિયમમાં ફેરફાર કરીને બીજા અને ચોથા શનિવારે રજા આપવામાં આવે તો સરકારી કર્મચારીઓના બાળકો આ બે દિવસ માતા-પિતા સાથે રહી શકે. જો આ નિયમ લાગુ કરાય તો દર માસના પહેલાં અને ત્રીજા શનિવારે અડધો દિવસના બદલે આખો દિવસ અભ્યાસ કરાવીને કસર પુરી કરી શકાય તેવો તર્ક છે.

ધો.૯ થી ૧૨ની રાજ્યમાં અંદાજે ૧૫ હજાર કરતા વધુ સ્કૂલો આવેલી છે. જેમાં અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જો બીજા અને ચોથા શનિવારની રજા મંજૂર થાય તો આ તમામ વિદ્યાર્થીઓને લાભ મળે તેમ છે.

## ધો. ૧૨ સાયન્સમાં બે વિષયમાં રિએસેસમેન્ટની મહત્ત્વની દરખાસ્ત

**અમદાવાદ:** ધો. ૧૨ સાયન્સમાં હજુ સુધી વિદ્યાર્થીઓને રિએસેસમેન્ટનો લાભ જ આપવામાં આવતો નથી. વિદ્યાર્થીઓને કોઈપણ બે વિષયમાં રિએસેસમેન્ટ આપવાની દરખાસ્ત થઈ છે. શિક્ષણ બોર્ડ દ્વારા હાલમાં ધો.૧૨ સાયન્સમાં રિએસેસમેન્ટની સુવિધા જ આપવામાં આવતી નથી. માત્ર અવલોકન કરવામાં આવે છે. તેમાં વિદ્યાર્થીઓને ગાંધીનગર રૂબરૂ બોલાવીને તેની ઉત્તરવહી તેને જોવા આપવામાં આવે છે. જો ક્યાંય સરવાળાની ભૂલ હોય તે સુધારી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને પૈસા ખર્ચીને અવલોકનની અરજી કર્યા પછી અંતે કોઈ લાભ થતો નથી.

આ સંજોગોમાં રિએસેસમેન્ટ શરૂ કરવામાં આવે તેવો પ્રસ્તાવ બોર્ડની આગામી ૨૯મી ઓગસ્ટના રોજ મળનારી બેઠકમાં મુકવામાં આવનાર છે. સૂચિત પ્રસ્તાવ મુજબ ધો.૧૨ સાયન્સમાં રિએસેસમેન્ટ પ્રથા ગુજરાત બોર્ડમાં અમલમાં નથી. અન્ય ઘણા રાજ્યોમાં ધો. ૧૦ અને ૧૨ કક્ષાએ અમલમાં છે. તેમજ રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં પણ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ અમલમાં છે. ગુજરાત બોર્ડ ધો. ૧૨ સાયન્સમાં રૂબરૂ ઉત્તરવહી અવલોકન કરવા આપે છે પરંતુ સાચો જવાબ હોય અને ઉત્તરવહી ચકાસનાર શિક્ષકોએ ગુણ આપ્યા ન હોય તો ગુણ સુધારો બોર્ડ આપતું નથી. બીજી તરફ બાળક સાચા જવાબ ગુણ નહીં મળવાથી હતાશ થાય છે. આ પ્રથા બંધ કરી ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ પુરતી વિદ્યાર્થીઓ ઈચ્છે તે કોઈપણ બે વિષયમાં ઉત્તરવહી રિએસેસમેન્ટ મંજૂર કરવામાં આવે તેવી જોગવાઈ કરવાની બોર્ડના સભ્યો માગ કરી છે. શિક્ષકોને ફ્લડ કંટ્રોલની કામગીરીમાંથી મુક્તિની પણ દરખાસ્ત મુકવામાં આવશે.

# ઓસ્ટ્રેલિયા

ઓસ્ટ્રેલિયા તરીકે ઓળખાતો દેશ કે જેનું મૂળ નામ કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા છે. તે પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં આવેલો છે. આ દેશ સાત ખંડોમાંના એક ઓસ્ટ્રેલિયા ખંડનો મહદ્ અંશ છે. તેની રાજધાની કેનબેસ છે. ઓસ્ટ્રેલિયા દેશમાં વિશ્વમાં સૌથી નાનાં ખંડની મુખ્ય ભૂમિ ટાસ્માનિયાનો મુખ્ય ટાપુ તથા હિંદ અને પ્રશાંત મહાસાગરના બીજા ઘણા ખરા ટાપુઓ નો સમાવેશ થાય છે.

રાજકીય રીતે ઓસ્ટ્રેલિયામાં છ રાજ્યો આવેલા છે. ન્યુ સાઉથ વેલ્સ, વિકટોરીયા, વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા, સાઉથ ઓસ્ટ્રેલિયા, કવીન્સલેન્ડ અને ટાસ્માનીયા આ દરેકના પાટનગર અનુક્રમે સીડની, મેલબોર્ન પર્થ, એડિલેઈડ, બ્રિસબન અને હોબાર્ટ છે. આ છ રાજ્યો ઉપરાંત બે મુખ્ય પ્રદેશો (ટેરિટરિ) પણ આવેલા છે. ઓસ્ટ્રેલિયા કેપિટલ ટેરિટરિ અને નોર્ધર્ન ટેરિટરિ સ્વાભાવિક રીતે જ કેનબેરા તે ઓસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરિનું પાટનગર છે. જ્યારે ડાર્વિન નોર્ધર્ન ટેરિટરિનું પાટનગર છે.

ઓસ્ટ્રેલિયાની મુખ્ય ભાષા અંગ્રેજી છે. અહીંનું રાજતંત્ર સંસદિય લોકશાહી અને બંધારણીય રાજાશાહી છે. અહીંનું ચલણ ઓસ્ટ્રેલિયન ડોલર છે.

ઓસ્ટ્રેલિયાનું રાષ્ટ્રીય પક્ષી ઈમુ છે. ઈમુ ડ્રોમેયસ નોવેહોલ્લાન્ડે, ઓસ્ટ્રેલિયા મૂળનું આ પક્ષી સૌથી વિશાળ અને ડ્રોમેયસ નાજીનસના સભ્યની એક માત્ર હયાતી ધરાવતું પક્ષી છે. રાટીટેના સંબંધી, ઓસ્ટ્રીયના બાદ વિશ્વમાં ઉંચાઈની રીતે આ બીજુ-વિશાળ હયાત પક્ષી છે. સુંવાળા કથ્થઈ પીછાવાળા ઉડીના શકતા પક્ષીઓ ઉંચાઈમાં ૨ મીટર (૬.૬ફુટ) આટલે સુધી પહોંચી શકે છે. ઓસ્ટ્રેલિયાની તળભૂમિ પર ઈમુ સામાન્ય રીતે બધે જ જોવા મળે છે. જો કે તે અતિશય વસ્તીવાળા વિસ્તારો, ગીચ જંગલ અને શુષ્ક વિસ્તારોથી દૂર રહે છે. ઈમુ વિશાળ અંતરની મુસાફરી કરવા માટે ઝડપી, કરકસરવાળી દૂડકી ચાલે કરે છે. અને જો જરૂર પડી તો એક સમયે કેટલાક અંતર માટે પ્રતિ કલાકે ૫૦ કિમી (૩૧એમપીએચ ) ની ઝડપે પૂરજોશથી દોડી પણ શકે છે. તેઓ તકવાદી રખડું હોય છે અને ખોરાકની શોધમાં લાંબું અંતર પણ કાપી શકે છે. તેમનો ખોરાક વિવિધ પ્રકારના છોડ અને જીવાતો છે. પણ તેઓ કેટલાક અઠવાડિયા સુધી ખોરાક વગર ચલાવી શકવા માટે પણ જાણીતા છે. ઈમુ પાણીમાં બેસી શકે છે. અને તે તરી પણ શકે છે.

## સીડની

સિડની ઓસ્ટ્રેલિયા દેશનું સૌથી મોટું અને જૂનુ શહેર છે. ન્યુ સાઉથ વેલ્સ રાજ્યનું સૌથી સુંદર શહેર તરીકે જાણીતું આ શહેર આધુનિક વાસ્તુકળા અને શહેરી વિકાસનું પ્રતીક છે. આ શહેર મરે-ડાર્લિંગ બેસિન તરીકે ઓળખાતા વિસ્તારનું સૌથી સુંદર નગર છે. કથ્થાઈ (બ્રાઉન) રંગની રેતીવાળો ખૂબસૂરત દરિયા કિનારો (બીચ) સોહામણી ઋતુ અને ડાર્લિંગ હાર્બરના માટે પ્રસિદ્ધ છે. સિડની શહેરનાં દર્શનીય સ્થળોમાં મુખ્ય સ્થળો આ પ્રમાણે છે. ઓસ્ટ્રેલિયન મ્યુઝીયમ, રોયલ બોટોનિક્સ ગાર્ડન, બોન્ડી બીચ, નિલ્સન પાર્ક આ ઉપરાંત ઓસ્ટ્રેલિયન નેશનલ મેરિટાઈમ મ્યૂઝીયમ, ચાઈનીઝ ગાર્ડન, મ્યૂઝીયમ ઓફ કંટેમ્પરેરી ઓર્ટ, મ્યૂઝીયમ ઓફ સિડની, પોવર હાઉસ મ્યૂઝીયમ, સિડની એકવેરિયમ સિડની હાર્બર બ્રિજ પાઈલોન લુક આઉટ, સિડની ઓપેરા હાઉસ, સિડની ઓબ્ઝરવેશન લેવલ, રાષ્ટ્રીય ઉદ્યાન વગેરે પણ જોવાલાયક સ્થળો છે. આ ઉપરાંત અહીં ૪૦ થી પણ અધિક ખૂબસૂરત રેતાળ બીચ આવેલા છે. જેમાંથી ફજી બીચ, ક્રોન્યૂલા બીચ, કોલોરોયલ બીચ તેમજ પામ બીચ મુખ્ય છે. સિડની હાર્બરની ચારે તરફથી ઘેરતા રહસ્યમય રેતીના પથ્થરોથી બનેલા ક્લિક અને કવ્સ આવેલા છે.













# બિહાર



બિહારનું ઐતિહાસિક નામ મગધ હતું અને બિહારની રાજધાની પટનાનું ઐતિહાસિક નામ પાટલિપુત્ર હતું. મોર્ય સામ્રાજ્યના રાજા અશોક પાટલિપુત્રથી શાસન કરતા હતા. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ નો જન્મ બિહાર માં થયો હતો.

બિહાર ભારતનો એક પ્રાંન્ત છે. બિહારની રાજધાની પટના છે. બિહારની ઉત્તરમાં નેપાળ છે. પશ્ચિમમાં ઉત્તર પ્રદેશ છે. અને દક્ષિણમાં ઝારખંડ છે. આનું નામ બુદ્ધ 'વિહાર' નો અપભ્રંશ અબવો બિહાર મનાય છે. આ ક્ષેત્ર ગંગા તથા તેની સહાયક નદીઓના મેદાનોમાં વસેલ છે. પ્રાંચીન કાળના વિશાળ સામ્રાજ્યોનો ગઢ રહેલ આ પ્રદેશ વર્તમાનમાં દેશની અર્થવ્યવસ્થાના સૌથી પછાત યોગદાતાઓ માંથી એક ગણવામાં આવે છે. બિહારની ઉત્તરી સીમા પર નેપાળ, પશ્ચિમી સીમા પર ઉત્તર પ્રદેશ અને દક્ષિણી સીમા પર ઝારખંડ છે.

ઈ.સ. ૧૮૫૭ના પ્રથમ સિપાહી વિપ્લવમાં બિહારના બાબુ કુંવર સિંહે મહત્વપૂર્ણ ભૂમિકા નીભાવી હતી. ઈ.સ. ૧૯૧૨માં બંગાળ વિભાજનના ફળ સ્વરૂપ બિહાર નામનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ઈ.સ. ૧૯૩૫માં ઓરીસ્સા(ઓડીસા) ને આનાથી અલગ કરી દેવામાં આવ્યું. સ્વતંત્રતા સેગ્રામ દરમ્યાન બિહારના ચંપારણના ઉત્થાન (વિદ્રોહ) એ અંગ્રેજોની વિરૂદ્ધ ક્રાંતિ ફેલાવવાવાળી અગ્રગણ્ય ઘટનાઓમાંથી એક ગણવામાં આવે છે. સ્વતંત્રતા પછી બિહારનું એક વધુ વિભાજન થયું અને ઈ.સ. ૨૦૦૦માં ઝારખંડ રાજ્ય આનાથી અલગ કરી દેવામાં આવ્યું.

ઝારખંડ અલગ થઈ ગયા બાદ બિહારની ભૂમિ મુખ્યતઃ મેદાની છે. ગંગા નદી રાજ્યની લગભગ વચ્ચોવચ વહે છે. ઉત્તર બિહાર કોશી, ગંડક, સોના (શોણ) અને તેની સહાયક નદીઓનું સમતળ મેદાન છે.

બિહારની ઉત્તરમાં હિમાલય પર્વત શ્રેણી (નેપાળ) છે તથા દક્ષિણમાં છોટા નાગપુરનો ઉચ્ચપ્રદેશ (જેનો ભાગ હવે ઝારખંડ છે) ઉત્તરથી ઘણી નદીઓ તથા જલધારાઓ બિહારમાં થઈ પ્રવાહિત થાય છે. અને ગંગામાં વિસર્જિત થઈ જાય છે. આ નદીઓમાં વર્ષાઋતુમાં પૂર એક મોટી સમસ્યા છે.

બિહારની સંસ્કૃતિ મૈથિલ, મગહી (મગધી) ભોજપુરી તથા અંગ સંસ્કૃતિઓનું મિશ્રણ છે. નગરો તથા ગામોની સંસ્કૃતિમાં અધિક ફરક નથી. નગરોના લોકો પણ પારંપારિક રીતિ રિવાજોનું પાલન કરે છે. પ્રમુખ પર્વમાં દશેરા, દિવાળી, હોળી, મોહરમ, ઈદ તથા ક્રિસમસ છે. શીખોના દસમાં ગુરૂ ગોવિંદ સિંહજીનો જન્મ સ્થાન હોવાથી પટનામાં તેમની જ્યંતી પર ભારી શ્રદ્ધાર્પણ જોવા મળે છે. બિહાર પોતાના ખાનપાનની વિવિધતા માટે પ્રસિદ્ધ છે. શાકાહારી તથા માંસાહારી બંને વ્યંજન ખવાય છે. ખાજા, મોતીચૂરના લાડુ, સત્ત્ લિટ્ટી-ચોખા અહિંના સ્થાનિક વ્યંજનોમાં આવે છે. ક્રિકેટ ભારતની અન્ય અનેક જગ્યાની જેમજ અહીં પણ સર્વાધિક લોકપ્રિય છે. આ સિવાય ફુટબોલ, હોકી, ટેનિસ અને ગોલ્ફ પણ પસંદ કરવામાં આવે છે. બિહારનો અધિકાંશ ભાગ ગ્રામિણ હોવાથી પારંપરિક ભારતીય રમતો જેમકે કબડ્ડી, ગુલ્લીડંડા, ગોટી (ગુલ્લી કે કંચી) ખૂબ લોકપ્રિય છે. એક સમયે બિહાર શિક્ષણના મુખ્ય કેન્દ્રોમાંનું એક માનવામાં આવતું હતું પાછલા અમુક દિવસોમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રાજનીતિ તથા અકર્મણ્યતાના પ્રવેશ કરવાથી શિક્ષણના સ્તરમાં ભારે પછડાટ આવી છે.

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.


# વર્તમાન સમયમાં શિક્ષણનું સ્તર

**ગુરૂ જે વિદ્યાર્થીને શિક્ષા આપે છે તેનાથી જ વિદ્યાર્થીનું ઘડતર થાય છે. જીવનમાં તે આગળ વધે છે. અને તે શિક્ષણના અનુભવોનો વ્યવહારિક જીવનમાં અનુબંધ બેસાડતા શીખે છે**

પ્રાચીન સમયથી ભારતીય શિક્ષણ પ્રણાલી ચાલી આવી છે. વિવિધ વિષયો અને શાસ્ત્રનું જ્ઞાન તે સમયમાં આશ્રમમાં આપવામાં આવતું હતું. તે સમયમાં ગુરૂને ભગવાન તરીકે દર્શાવવામાં આવ્યા છે. ગુરૂ-શિષ્ય પ્રણાલીએ પ્રાચીન સમયની દેણ છે.

વૈદિક યુગમાં પણ ગુરૂ-શિષ્ય પ્રણાલી પ્રચલિત હતી. ભગવાન કૃષ્ણ, બલરામ તથા સુદામા પણ સાંદિપની ઋષિના આશ્રમમાં આભ્યાસ કર્યો હતો. તે પછી ભગવાન શ્રી રામ અને લક્ષ્મણે પણ મહર્ષિવેદ વ્યાસના આશ્રમમાં જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. અર્જુન પણ દ્રોણાચાર્ય જેવા મહાનગુરૂના કારણે જ શ્રેષ્ઠ ધનુર્ધર બન્યો. કહેવાનો અર્થ એ જ કે પ્રાચીન સમયમાં ગુરૂ-શિષ્યનો સંબંધ પવિત્ર ગણાતો.

શિક્ષણ માનવને જીવન કેવી રીતે જીવવું એની એક ઉત્તમ રીત બતાવે છે. યાત્રાને સફળતાના શિખર સુધી પહોંચાડે છે. કારણકે તે વ્યક્તિએ શિક્ષણને આત્મસાત કર્યુ માટે.




આચાર્ય ચાણક્યએ કહ્યું છે કે "શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ" એનો અર્થ એ થાય કે ગુરૂ જે વિદ્યાર્થીને શિક્ષણ આપે છે. શિક્ષા આપે છે તેનાથી જ વિદ્યાર્થીનું ઘડતર થાય છે. જીવનમાં તે આગળ વધે છે. અને તે શિક્ષણના અનુભવોનો વ્યવહારિક જીવનમાં અનુબંધ બેસાડતા શીખે છે. મનુષ્યને જો પાયામાં એટલે કે પ્રાથમિકતાથી જ સાચું અને સારૂ શિક્ષણ પ્રાપ્ત થાય તો તે જીવનમાં ઉત્તરોતર પ્રગતિના સોપાન સર કરે છે. આપણી આજુબાજુમાં પણ ઘણાં એવા મનુષ્ય છે જે શિક્ષણને સાચા અર્થમાં સાર્થક કર્યુ છે. એક ઉદાહરણ અહી નોધવા જેવું છે કે આપણા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો. એ.પી.જે. અબ્દુલ કલામ છેલ્લી પાટલીએ બેસી અભ્યાસ કરતા હતા. છતાં પણ તેમણે શિક્ષણના માધ્યમ દ્વારા એક સામાન્ય માનવી થઈ મિસાઈલ મેન સુધીની સફર કરી. મૂળ ગુજરાતી કલ્પના ચાવલા પણ શિક્ષણના માધ્યમથી આકાશમાં જનાર પ્રથમ મહિલા યાત્રી બની.

શિક્ષણ દ્વારા આપણને રાગ-દ્રેષ વગેરે દૂર થાય છે. અને શિક્ષણ દ્વારા વિશ્વ આપણને એક પંખીનો માળો હોય તેવું લાગે છે. શિક્ષણ દ્વારા 'વસુધૈવ કુટુમ્બકમ' ની ભાવના જાગૃત થાય છે.

પરંતુ આજના સમયના શિક્ષણની વાત કરીએ તો પ્રાચીન સમયની શિક્ષણ પધ્ધતિ અને આધુનિક સમયની શિક્ષણ પ્રણાલીમાં આસમાન જમીનનો તફાવત જોવા મળે છે. પ્રાચીન સમયમાં આશ્રમમાં પ્રાપ્ત વિદ્યાથી શિષ્ય કોઈપણ ક્ષેત્રમાં પાછો પડતો ન હતો. કારણકે તેને દરેક પ્રકારનું શિક્ષણ આપવામાં આવતુ હતું. આજની આ આધુનિક શિક્ષણ પ્રણાલીમાં તેનાથી વિપરીત પરિસ્થિતિ ઉભી થઇ છે. સાચે જ આજે ગુરૂઓ અને શિષ્યો વચ્ચે જ આદરભાવ હતો તે નાશ પામ્યો છે. તેને કારણે શિક્ષણનું સ્તર કથળવા લાગ્યુ છે. આજે રૂપિયાથી કોઇપણ ડિગ્રી ખરીદી શકાય છે. આજની સ્કૂલો, કોલેજો, શિક્ષણ સંસ્થાઓએ શિક્ષણનો વેપાર શરૂ કર્યો છે. શિક્ષણનો વેપાર જ શિક્ષણના કથળતા સ્તર માટે જવાબદાર છે. જે વ્યક્તિ પૈસા આપીને ડિગ્રી મેળવે છે, તે વિદ્યાર્થીને શું ભણાવશે.. આજનો શિક્ષક ટ્યુશન કરાવે છે. જેની મોંઘી ફી વિદ્યાર્થી જોડે થી લે છે. તેને ટ્યુશન કે શિક્ષણમાં નહી માત્ર પૈસામાં રસ છે. પ્રાચીન સમયમાં ગુરૂ શિષ્યને મફતમાં શિક્ષણ આપતા હતા.

વર્તમાન સમયમાં કેટલાક આવા શિક્ષકો પણ જે બાળકો કે વિદ્યાર્થી સાથે હળી મળી કે મન મૂકીને અભ્યાસ કરાવતા નથી. આથી વિદ્યાર્થીને જે જ્ઞાન મળવું જોઈએ તે તલસ્પર્શી જ્ઞાન મળતું નથી. અને વિદ્યાર્થી વર્ગમાં તોફાન કરે છે.ઉપરાંત શિક્ષકો પણ વર્ગમાં બેદરકારી દાખવે છે. એનો લાભ ટ્યુશનના શિક્ષકો લે છે. કોચીંગ કલાસીસ પણ ભ્રષ્ટાચારના એપીસેન્ટર બની ગયા છે. ટ્યુશન કરનાર વિદ્યાર્થી નબળો હોય તો પણ સારા ગુણ લાવે છે. જ્યારે ટ્યુશન ન કરનાર વિદ્યાર્થી હોશિયાર હોવા છતાં તે યોગ્ય સફળતા પ્રાપ્ત કરી શકતો નથી. આજે અમુક શિક્ષકો પરીક્ષકો અને નિરીક્ષકો પોતાની નૈતિક ફરજ ભૂલી ભ્રષ્ટાચાર આચરે છે.

વર્તમાન સમયમાં જો શિક્ષણનું સ્તર નહી સુધરે તો ભવિષ્યની પેઢીને તેની ખૂબ જ મોટી કિંમત ચુકવવી પડશે. જે આજના સમયમાં મુખ્ય ચિંતાનો વિષય છે. આજના સમયમાં નેતાઓ અભણ હોવા છતાં શિક્ષણમંત્રી બની શિક્ષણના પ્રશ્નો હલ કરે એ કેટલા અંશે વ્યાજબી છે. ટેકનોલોજીના યુગમાં રૂપિયા આપીને ડિગ્રી પ્રાપ્ત કરનાર ઉચ્ચ પદવી પર બેસી જાય છે. જેને વિષયનું જ્ઞાન નથી તેવી વ્યક્તિ બીજાને શું માર્ગદર્શન આપશે.

આધુનિક સમયમાં સુશિક્ષિત અને સંસ્કારી પ્રજા જ એક સ્વતંત્ર દેશના આન,બાન અને જ્ઞાનની રક્ષા કરી શકે. દેશને માટે ઉપયોગી નીવડી શકે એવા નિષ્ઠાવાન નાગરિકોનું ઘડતર કરવાની ક્ષમતા આપણા દેશના શિક્ષકો પાસે છે. આથી શિક્ષણનું સ્તર સુધરશે. એવી આશા છે. ભારત જેવા સ્વતંત્ર દેશમાં ખરેખર શિક્ષક અને શિક્ષણનું અનન્ય મહત્વ છે. એ બંનેના સુનિયોજિત ઉત્થાન વડે જ દેશની ઉન્નતિ થઇ શકશે.



**પ્રવિણભાઇ યુ. મકવાણા**
**કો-ઓર્ડિનેટર,**
**વિરમગામ**

## જીવનમાં સફળ થવાની ચાવીઓ

- એક લક્ષ્ય( ધ્યેય ) નક્કી કરવો જોઇએ
- પ્રબળ ઇચ્છા શક્તિ રાખવી ( કેળવવી ) જોઇએ
- આશાવાદી અને સહકારની ભાવના રાખવી જોઇએ
- આત્મવિશ્વાસ એ પ્રબળ શક્તિ છે.
- યોગ્ય આાયોજન કરવું જોઇએ
- મૌલિક વિચારશક્તિ કેળવો, તક ઝડપતા શીખવું જોઇએ
- સખત પરિશ્રમ માટે આપ સશક્ત હોવા જોઇએ
- માનવીય ગુણો આપણામાં પૂર્ણપણે વિકસીત હોવા જોઇએ
- ગમતુ કાર્ય કરો અને પસંદ કરેલ કે મળેલ કામને ગમતુ કરવું જોઇએ
- સમય અને સંયમનું મહત્વ સમજવું જોઇએ
- પોતાના નિર્ણય પર દ્રઢ રહેવું જોઇએ
- અભિમાન કે પૂર્વગ્રહ, ઇર્ષાથી દૂર રહેવું જોઇએ
- ક્યારેય કોઇનીય નિંદા ન કરવી જોઇએ
- સતત નવું શીખવાની ધગશ, ઇચ્છા રાખવી જોઇએ
- બીજાના સારા કાર્યને પ્રોત્સાહન આપવું જોઇએ
- કોઇપણ કાર્ય શાંતિથી શાંત મનોચિતે વિચારીને કરવું જોઇએ
- આપણા દોષોનું પ્રયત્નપૂર્વક નિવારણ કરવું જોઇએ



**હેતલબેન જોષી**
**પ્રિન્સીપાલ**

# શિક્ષણ ધર્મ

સંત શિરોમણી પૂ. મોરારિ બાપુ શિક્ષક દિન પ્રસંગે શિક્ષક મિત્રોએ જેમણે અધ્યાપક બનીને શિક્ષણકાર્ય સ્વીકાર્યુ છે. તેમને સંત શિરોમણિ પૂ. મોરારિ બાપુના સંતવાણીમાંથી શિક્ષક ધર્મ સમજાવવાનો પ્રયત્ન કરું છું.

રાષ્ટ્રપતિપદના સર્વોચ્ચ અને ગૌરવશાળી હોદ્દા પર રહ્યા પછી પણ કોઈ વ્યક્તિ કહે કે મારો જન્મદિવસ 'શિક્ષક દિન' તરીકે ઉજવાય એ બાબત જ શિક્ષકનો વ્યવસાય ગરિમાપૂર્ણ અને ઉચ્ચ આદર્શવાળો છે.

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ હંમેશા કહેતા કે : "હું શિક્ષક છું અને તે જ રૂપે ઓળખવા માગું છું." આ સીધું અને સરળ લાગતું વિધાન શિક્ષકત્વની તાકાતને ઉજાગર કરે છે.

શ્રી રવિશંકર મહારાજ કહેતા : "ભણાવે તે ભોટ, ભણતો કરે તે શિક્ષક" જ્યારે શ્રી જેમ્સ ઍન્જલ વળી શિક્ષક વિશે જુદા શબ્દોમાં કહે છે કે : " રોટલો કેમ રળવો તે નહીં, પરંતુ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેની કેળવણી આપવાનું કામ શિક્ષકનું છે." હવે સંત શિરોમણી પૂ. મોરારિ બાપુના મંતવ્ય પ્રમાણે શિક્ષક ધર્મ :



"શિક્ષકની વિશ્વસંસ્થા તેનો કલાસરૂમ છે. તેની સામે બેઠેલી ૪૦ ચેતનાઓ છે એ તેની રાષ્ટ્રિય એકતા છે. શિક્ષકે ૪૦ ચેતનાઓ રૂપી ઇંડાને સેવવાનાં છે. એક ચેતનાને જન્મ આપનારી જનેતા તેનું જેટલું ધ્યાન રાખે તેવું ધ્યાન શિક્ષકે વિદ્યાર્થીખંડની ૪૦ ચેતનાઓ માટે રાખવાનું છે. શિક્ષકમાં ભૂમિકા, ભાવ, વેશ અને ભાષા હોવા જોઈએ. તેની ભૂમિકા બાળકના ઘડતરની છે. તેવા ભાવ બાળકના અસ્તિત્ત્વનો સ્વીકાર કરી પ્રગાઢ પ્રેમ આપનારો હોય અને તેની ભાષા બાળકને સમજાય તેવી હિતકાર હોય – તો તે ખરા અર્થમાં શિક્ષક છે. જનની, જન્મભૂમિ અને જન્મબોલી (માતૃભાષા) સ્વર્ગથી અધિક છે. જે રીતે માતા પોતાના બાળકને જન્મ આપતાં પહેલાં નવ મહિના તે ગર્ભને સારી રીતે ઉછેરે છે. તે રીતે શિક્ષકે પણ નવ માસના (૩ માસ જેટલી રજાઓ, સી.એલ., ડી.એલ. બાદ કરતા) બાળકનું સતત ધ્યાન રાખી તેના વિકાસના પોષક બનવાનું છે. આવો વિવેક આવશે, સત્યપાલન થકી અહિંસક મનોવૃત્તિથી, સેવા પરાયણતાથી અને હિતૈષી ચિંતન થકી શિક્ષણ કાર્ય કર્મકાંડ કરવાનું નથી માત્ર બે પૂઠા વચ્ચેનું શિક્ષણ આપવું એ કર્મકાંડ છે. આપણે તો બાળકને વિશ્વ નાગરિક બનાવવાનો છે. મારા દેશનો બાળક સર્વોત્તમ થાય તે માટે હવે સંકલ્પ લેવો પડશે. આ સંકલ્પ હાથમાં પાણી લઈને નહીં પણ આંખમાં પાણી લાવીને કરવો પડશે. ચાણક્ય અને તુલસી જેવા શિક્ષક બનવાનું છે. "વસુધૈવ કુટુમ્બકમ્"ની ભાવના ખીલવવાની છે. અને મારા શિક્ષક મિત્રો આપણા ધર્મશાસ્ત્રોમાં શિક્ષણ બાબતે લખેલી કેટલીક વાત આપણી સાથે વહેંચવાની ઇચ્છા છે.

ધર્મશાસ્ત્રમાં લખ્યું છે :

ભ્રહ્મ ચારિણામ્ યામાન્તુઃ વિદ્યાર્થીને આવકારો, ચાહો

વિમાયન્તુ : વિદ્યાર્થીનું ઘડતર કરો.


પ્રયાન્તુ : તેમની સંવેદનાઓને ઓળખો.

દમિયાન્તુઃ તેમનામાં મૂલ્યોનું ઘડતર કરો.

શમાયન્તુઃ વાસ્તવિકતાની અનુભૂતિનું સભાન કરવું.

શિક્ષકે પોતાનો માનમરતબો, મોભો પોતાની જાતે ઊભો કરવાનો છે.

ડૉ. રાધાકૃષ્ણ, અબ્દુલ કલામ, ચાણક્ય, તુલસી.



**સથવારા નિમિષા**
**પ્રિન્સીપાલ**

કોઈ પણ વ્યક્તિ તેના કર્મોથી મહાન હોય છે. જન્મથી નહીં - **ચાણક્ય**



# તોફાની ખિસકોલી




એક જંગલમાં ખિસકોલીનું પરિવાર રહેતું હતું. તેમાં એક તોફાની બચ્ચું તેના મિત્રો સાથે રહેતું હતું અને હંમેશા મિત્રો સાથે ખૂબ મસ્તી કરતુ હતું.




મસ્તી કરી તેમાં તેને ખૂબ જ ભૂખ લાગી અને તેને કેળા ખાવાનું મન થયું.



તે જંગલમાં ખાવાનું શોધવા નિકળી પડ્યું. નાનુ હોવાના કારણે રસ્તામાં જે ફળો આવતા તેને પણ તે ઓળખી શકતુ ન હતું. અને અચંબા સાથે જોતું.



આગળ જતાં જ રસ્તામાં તેને જળદાલુ જોયુ એને પણ તે હાથ અડાડી ને જોવા લાગ્યુ.



ત્યાંથી તે આગળ ગયું ત્યાં તેને તરબૂચ જોયા તરબૂચ પણ ખૂબ મોટા હોવાથી તે એને જોઇ ત્યાંથી આગળ વધ્યું.



- ખૂબ ભૂખ લાગવાને કારણે ઝાડ પર જે કંઇ પણ હતુ તે એણે હવે ખાઇ લીધું પણ તરત જ બહાર કાઢી નાખ્યું.



હજી પણ ભૂખ તો લાગી જ હતી. તેથી તે આગળ વધ્યું. ત્યાં તેને નારંગી નુ ઝાડ જોયું. તેને લાકડી લઇ તેને તોડવા લાગ્યું. પણ તેના થી તે તૂટ્યું નહીં. એટલે તે ખાઇ શક્યુ નહી.



હવે તેણે જોયું. શાહુડી પપૈયુ ખાતુ હતું. એટલે એને થયું આ ખાવાની વસ્તુ છે તેથી તે એની સાથે મળી ને ખાધું. પરંતુ જોઇએ તેવો સંતોષ ના થયો. કારણકે એને તો કેળા ખાવા હતા.



એટલે એ ત્યાંથી પણ આગળ નીકળ્યું. કેળાના શોધમાં ત્યાં તેને કેળા મળ્યા અને તેણે અને તેના મિત્રોએ પેટ ભરીને કેળા ખાધાં.



પછી પોતાના મિત્રો સાથે પોતાના ઘરે પાછા ફર્યા. અને બધી જ વાત માતા-પિતાને કહી અને મિત્રો સાથે ફરી મસ્તી કરવા લાગ્યું.

# વૈદિક ગણિત

## ગુણ્યની સંખ્યા ગુણકની સંખ્યા કરતા ઓછી હોય

મિત્રો, અગાઉ આપણે ૯,૯૯,૯૯૯... વડે ગુણાકારની ખૂબ જ સરળ પદ્ધતિ શીખી ચુક્યા છીએ પરંતુ ત્યાં આપણે ગુણ્ય અને ગુણકની સંખ્યા સમાન માટે પદ્ધતિ શીખઅયા છીએ આ પ્રકરણમાં ગુણ્યની સંખ્યા ગુણકની સંખ્યા કરતાં ઓછી હોય ત્યારેની પદ્ધતિ માટે છે.

આ પ્રક્રિયામાં નીચે આપેલા સૂત્રને અનુસરવાનું છે.

ગુણ્યમાંથી ૧ ઓછો કરો વધારાના જેટલા ૯ હોય તે મુજબ આગળ શૂન્ય કરો. (ગુણ્ય-૧) નું નવડી કરણ



ડો. અતુલ વ્યાસ
શિક્ષણશાસ્ત્રી, રાજકોટ

**ઉદાહરણ-1** ગુણાકાર 64 × 999

$$\begin{array}{r} 6\ 4 \\ \times\ 9\ 9\ 9 \\ \hline 0(64-1)/9/36 \end{array} \qquad \begin{array}{r} 6\ 4 \\ \times\ 9\ 9\ 9 \\ \hline 063936 \end{array}$$ થાય.

(64 - 1) = 63

0 6 3 નું નવડીકરણ 9 3 6 થાય

**ઉદાહરણ-2** 86 × 999

$$\begin{array}{r} 8\ 6 \\ \times\ 9\ 9\ 9 \\ \hline (86-1)/9/14 \end{array} \qquad \begin{array}{r} 8\ 6 \\ \times\ 9\ 9\ 9 \\ \hline 085914 \end{array}$$ થાય.

(86-1) = 85

0 8 5 નું નવડીકરણ 9 1 4 થાય

**ઉદાહરણ-3**

$$\begin{array}{r} 6\ 5 \\ \times\ 9\ 9\ 9\ 9 \\ \hline (65-1)/99/35 \end{array} \qquad \begin{array}{r} 6\ 5 \\ \times\ 9\ 9\ 9\ 9 \\ \hline 0649935 \end{array}$$

(65-1) = 64

0 6 4 નું નવડીકરણ 9 3 5 થાય

**ઉદાહરણ-4**

$$\begin{array}{r} 5\ 3\ 6 \\ \times\ 9\ 9\ 9\ 9 \\ \hline (536-1)/9/464 \end{array}$$ આમ $$\begin{array}{r} 5\ 3\ 6 \\ \times\ 9\ 9\ 9\ 9 \\ \hline 05359464 \end{array}$$

(536-1) = 535
= 9

0 5 3 5 નું નવડીકરણ 9 4 6 4 થાય

મિત્રો ખ્યાલ આવી ગયો .... ? તો ચાલો મહાવરો કરીએ !!!

## ગુણ્યની સંખ્યા ગુણકની સંખ્યા કરતા વધુ હોય

જ્યારે ગુણ્યની સંખ્યા ગુણકની સંખ્યા કરતાં વધુ હોય ત્યારે નીચેના ઉદાહરણથી સ્પષ્ટ કરીએ.

**ઉદાહરણ-1**

$$\begin{array}{r} 3/4\ 8 \\ \times\ \ 9\ 9 \\ \hline (348-4)/52 \end{array}$$

અહીં 348 ના બે ભાગ કરો જેમાં જમણી બાજુ જેટલા "9" હોય તે સંખ્યા રાખો આથી 3/48 થાય.

હવે ડાબી બાજુમાં રહેલ અંકમાં 1 ઉમેરો આથી 3 + 1 = 4 થાય અને તેને મૂળ સંખ્યામાંથી બાદ કરો. આથી (348-4) = 344 થાય
હવે જમણી બાજુની સંખ્યામાંથી 1 બાદ કરો નવડીકરણ કરો.
આથી (48 - 1) = 47 અને 47 નું નવડીકરણ 52 થાય
આમ 348 × 99 = 34452 થાય

**ઉદાહરણ-2**

$$\begin{array}{r} 5\ 7/8\ 6 \\ \times\ \ 9\ 9 \\ \hline (5786-58)/85 \end{array}$$ નું નવડીકરણ

આથી

$$\begin{array}{r} 57/\ 8\ 6 \\ \times\ \ 9\ 9 \\ \hline 572814 \end{array}$$

અહી 5786 ના બે ભાગ કરો જેમાં જમણી બાજુ જેટલા "9" હોય તે સંખ્યા રાખો આથી 57/86 થાય.
હવે ડાબી બાજુમાં રહેલા અંકમાં 1 ઉમેરો આથી 57 + 1 = 58 થાય.અને તેને મૂળ સંખ્યામાંથી બાદ કરો આથી (5786 - 58) = 5728 થાય.
હવે જમણી બાજુના સંખ્યામાંથી 1 બાદ કરી નવડીકરણ કરો.
આથી (86 - 1) = 85 અને 85 નું નવડીકરણ 14 થાય.
આમ 5786 × 99 = 572814 થાય ખરું ને?
ચાલો મહાવરો કરીએ?



# પેપર તૂર્કી ક્રાફ્ટ

**તૂર્કી ક્રાફ્ટ બનાવવા માટે જોઈશે**

- આર્ટ પેપર
- તૂર્કી દોરેલો નમૂનો
- કાતર
- ગુંદર
- પીંછા

**કેવી રીતે બનાવવું તૂર્કી**

- તૂર્કીનો નમૂનો આર્ટ પેપર પર દોરો અને તેના ટુકડા કાપી લો. ટૂકડાઓ આર્ટ પેપરમાંથી અલગ કરો.
- સૌથી પહેલા તૂર્કીના શરીર પાછળ ગુંદરથી પીંછા લગાવો.
- ત્યારબાદ તેને આંખો, ચાંચ અને પગ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે લગાવો.
- તમારું સુંદર તૂર્કી તૈયાર છે.

# ઈડલી ચાટ

**સામગ્રી**

- આઠ-દસ ઈડલી
- એકડુંગળી ઝીણી સમારેલી
- એક ટામેટું ઝીણું સમારેલું
- એક થી બે ચમચા દહીં
- એક થી બે ચમચા ફૂદિનોકોથમીરની ચટણી
- એક થી બે ચમચા મીઠી ચટણી
- એક ચમચો બૂંદી
- એક ચટપી લાલ મરચું પાઉડર
- બેથી ત્રણ ચમચી તેલ
- ચાટ મસાલો સ્વાદાનુસાર
- શેકેલું જીરૂં પાઉડર સ્વાદાનુસાર
- ઝીણી સેવ
- સંચળ સ્વાદાનુસાર
- કોથમીર સમારેલી

**રીત**

- સૌપ્રથમ ઈડલીને કટ કરી લો. મોટી ઈડલી હોય તો એકમાંથી ચાર કરો. નાની ઈડલી હોય તો બે કટકા કરો. હવે એક સર્વિંગ પ્લેટ લો. તેમાં ઈડલીને ગોઠવો. હવે તેના પર ઝીણી સમારેલી ડુંગળી પાથરો. જો તમે ઇચ્છો તો ઝીણા સમારેલા ટામેટાં પણ ઉપયોગમાં લઈ શકો છો. હવે તેના પર દહીંનું લેયર કરો. ત્યારબાદ કોથમીર ચટણી અને ગળી ચટણીનું લેયર કરો. હવે તેના પર સેવ પાથરો. ત્યારબાદ શેકેલું જીરૂં પાઉડર અને ચાટ મસાલો છાંટો. છેલ્લે આ ચાટને કોથમીરથી ગાર્નિશ કરીને સર્વ કરો.



# ચિત્રકલા



**ધ્રુવ ટી. આહીર**
ધોરણ ૭, શ્રી સત્ય સાંઈ વિદ્યાનિકેતન



**પ્રિત આર. પટેલ**
ધોરણ ૪, ત્રિપદા ગુરૂકુલમ



**નૈયા જોશી**
ધોરણ ૧૨, કે.એન.શાહ મોડાસા હાઇસ્કૂલ



**દિયા જૈન**
ધોરણ ૭, ધ રોઝરી સ્કૂલ



**આત્મિક જેઠવા મનીષભાઈ**
ધોરણ ૫, ત્રિપદા હાઇ સ્કૂલ




**રુઝેબ બાનુ**
ધોરણ ૭, ન્યુ સમર્થ સ્કુલ

# યોગ-3

## વજ્રાસન

**વજ્રનો અર્થ થાય છે કઠોર અને ઈન્દ્રના એક શસ્ત્રનું નામ પણ વજ્ર હતું.**

**વિધિ:—**

- વજ્રાસનની ત્રણ સ્થિતિઓ હોય છે. જ્યારે કોઈ વજ્રાસનની સ્થિતિમાં નથી બેસી શકતું, તો તેના વિકલ્પના રૂપમાં અર્ધવજ્રાસન છે. આ અર્ધવજ્રાસનમાં પગ વાળીને એડિઓના ઉપર બેસવામાં આવે છે અને હાથને ઘૂંટણ પર મુકવામાં આવે છે. આને કેટલાંક યોગાચાર વજ્રાસન જ માને છે.
- બીજી સ્થિતિમાં પગની એડી-પંજાને દૂર કરી પુઠ્ઠાને જમીન પર ટેકવવામાં આવે છે, પરંતુ બંને સ્થિતિમાં ઘુંટણ એકબીજા સાથે જોડાયેલા હોવા જોઈએ, આને પણ વજ્રાસન કહે છે.
- ત્રીજી સ્થિતિમાં પીઠના બળે ઉંઘીને બંને હાથની હથેળીઓને માથા નીચે એકબીજા સાથે ક્રોસ કરતાં ખભા પર મુકવાને જ આપણે સુપ્તવજ્રાસન કહીએ છીએ.



**ફાયદા:** આ આસનથી શરીર મજબૂત અને સ્થિર બને છે. આનાથી કરોડરજ્જુ અને ખભા સીધા થાય છે. આનાથી શરીરમાં લોહી ફરતું રહે છે અને આ રીતે શિરાના લોહીને ધમનીના લોહીમાં બદલવાનો રોગ નથી થઈ શકતો. આ એકમાત્ર આસન છે જેને તમે જમ્યા પછી પણ કરી શકો છો. આ આસનના કારણે જમવાનું સરળતાથી પચી જાય છે. આ પગની માંસપેશીઓને પણ મજબૂત કરે છે.



# જો જો પાછા હસતા નહી

### ભરવાડ અને તોફાની કાનુડો

ભરવાડ પાયલોટ બન્યો. નોકરી પરથી ૧૦ દિવસમાં પાછો આવ્યો. એના પપ્પાએ પૂછ્યું કેમ પાછો આવ્યો?
ભરવાડ કહ્યું એ લોકો વિમાનની પાછળ તોફાની કાનુડો લખવાની ના પાડે છે.

### બેંકમાં લુટારૂઓ

એક બેંકમાં લુટારુઓ આવ્યા. લુટારુઓ ચોરી કરી જઈ રહ્યા હતા, જતા-જતા તેમણે એક વ્યક્તિના માથા પર બંદૂક તાકીને પૂછ્યું - તે અમને ચોરી કરતા જોયા છે? છગને હા પાડી તો તેને ગોળીથી ઉડાવી દીધો.
હવે એ લુટારાઓ મગન પાસે આવ્યા અને બોલ્યા શું તે અમને બેંક લૂંટતા જોયા છે?
મગન: નહીં, મેં તમને નથી જોયા પણ (પોતાની પત્ની તરફ ઈશારો કરીને) આણે જરૂર જોયા છે.

### વાળ કપાવવા

**બોસ:** ક્યાં ગયા હતા?
**કર્મચારી:** વાળ કપાવવા
**બોસ:** ઓફિસ ટાઇમમાં
**કર્મચારી:** વધે તો પણ ઓફિસમાં જ હતા ને
**બોસ:** કેમ ઘરે નહીં વધતા
**કર્મચારી:** જેટલા ઓફિસમાં વધ્યા હતા એ જ કપાવ્યા છે.



### દૂધ પીવાથી ગોરા થવાય?

**ચીંકી:** ડૉક્ટર સાહેબ, દૂધ પીવાથી ગોરા થવાય? **ડોક્ટર:** હાસ્તો
**ચીંકી :** સાવ ખોટું, એમ હોય તો, ભેંસના બચ્ચાં કાળાં કેમ હોય છે?



## વિજેતાઓ ૨૦૧૪-૧૫, અમદાવાદ

(ડાબે થી જમણે) ડૉ. અતુલ વ્યાસ, શ્રી કમલેશ ડામોર, શ્રી બુદ્ધીધન ત્રિવેદી (વેટરન), શ્રી વિરેન્દ્ર રાવત (ટોર્ચ બેરર), ડૉ. ઘનશ્યામ ડી. રાવલ, શ્રીમતી નિકેતા વ્યાસ, શ્રીમતી વર્ષા પારેખ, શ્રીમતી વૈશાલી પરીખ, શ્રીમતી ગ્રીવા શાહ, શ્રી અજીત થોસર, શ્રી લક્ષ્મણભાઈ ચૌધરી

## ટોર્ચ બેરર્સ

શ્રી અજીતસિંહ રાણા
ડૉ. અશોક પટેલ
શ્રી દિપક રાજ્યગુરૂ
શ્રીમતી હંસા ઉપાધ્યાય
શ્રી જયદેવ સોનાગરા
શ્રી જેસલ પટેલ
શ્રી જૈમિન રાજ્યગુરૂ
શ્રી પરેશ ત્રિવેદી
શ્રીમતી રેવતી શંકર
શ્રી સૌરભ ચોકસી
ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા
શ્રી ઉન્મેશ દિક્ષિત
શ્રી વિરેન્દ્ર રાવત
શ્રી અમિત મહેતા
શ્રીમતી વર્ષા બદિયાની
શ્રી એચ.બી. પટેલ
શ્રીમતી વૈશાલી શાહ
શ્રીમતી વર્ષા દોશી
શ્રી શૈલેષ સગપરીયા
શ્રી ચેતન શાહ
શ્રી જતીન બારડ
શ્રી ભરત ગાજીપરા
શ્રી દેવાંગ માંકડ
શ્રી વસંત પાઠક
ડૉ. એસ.બી. જાડેજા
ડૉ. વિશાલ ખાગસીવાલા
ડૉ. શૈલેષ જાની
ડૉ. હિતેષ સુકલા

# EDUCATOR'S AWARD 2016

### શિક્ષકે જીવ નથી આપવાનો, જીવ રેડવાનો છે
### શ્રીમંતો સાધનોથી બોલે છે, સાધુઓ સાધનાથી બોલે છે
### જ્યારે શિક્ષકો તે હૃદયથી બોલે છે

**મને નવરાશ મળે તો હું ઘણું કામ કરૂ,**
**મને પૈસા મળે તો હું ઘણું દાન કરૂ,**
**મને સારા વિદ્યાર્થી મળે તો હું ભણાવું,**
**મને તક મળે તો હું કઇક કરી બતાવું,**
**ધ ઓપન પેજ દ્વારા તક મળે તો**
**શ્રેષ્ઠ શિક્ષક થઇ બતાવું.**

સમાજમાં શિક્ષકનું સ્થાન ખૂબ જ મહત્વનું ગણાય છે. પછી તે કોઇપણ સમાજ કે દેશ હોય. પ્રત્યેક સમાજ શિક્ષકો પાસે કેટલીક વિશેષ અપેક્ષાઓ રાખે છે. જે સમાજ ને સારા શિક્ષકો પ્રાપ્ત થતા નથી તે સમાજનો વિકાસ અધકચરો રહી જવા પામે છે. તેથી જ ધ ઓપન પેજ શ્રેષ્ઠ શિક્ષકોના નિર્માણ માટે છેલ્લા બે વર્ષની વિશેષ કાળજી રાખે છે.

છેલ્લા બે વર્ષથી ગુજરાત રાજ્યના મહામહિમ ગવર્નર શ્રી ઓ.પી.કોહલી સરના વરદ્ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા. આ તૃતીય વર્ષે ફરી પ્રશંસનીય પ્રોત્સાહિત કામ કરનારા દરેક કેટેગરીના શિક્ષકો ને બિરદાવવા જઇ રહ્યા છીએ.

શિક્ષકો એ પોતાનું શિક્ષકત્વ ટકાવી રાખવા માટે પ્રયત્નો કરવા જોઇએ. આ માટેના પ્રયત્નો નાં એક ભાગ રૂપે સર્વશ્રેષ્ઠ શિક્ષક થવાની પ્રક્રિયામાં સામેલ થવા એક સફળ દિશામાં શ્રેષ્ઠ શિક્ષક બનવા તેઓનું નામ રજિસ્ટર કરવા અનુરોધ કરીએ છીએ.

પ્રગતિશીલ ને શક્તિ સંપન્ન આપણા દેશ માટે સમર્પિત ભાવના ધરાવતા મૂલ્ય નિષ્ઠ ને ઉત્તમ નાગરિકો તૈયાર કરવાની જવાબદારી શિક્ષક મિત્રોના શિરે છે. તે હેતુથી આ એવોર્ડ નું આયોજન શૈક્ષણિક માસિક સામાયિક ધી ઓપન પેજ દ્વારા છેલ્લા બે વર્ષથી કરવામાં આવે છે. ગત શિક્ષકો અને એક વાલી નું સમ્માન કરેલ ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. શિક્ષણ જગતના નામાંકિત જ્યુરી અને ટોર્યૂબેટરે ખૂબ પ્રશંસનીય ફાળો આપ્યો.

તા. ૫ સપ્ટેમ્બરના શિક્ષક દિને ઉદ્ઘોષણા કરવામાં આવશે. તેના દરેક અલગ અલગ કેટેગરીના શિક્ષકો એ નામાંકન ફોર્મ -૧ અને ફોર્મ-૨ ભરવાના રહેશે. આ વિશેની સંપૂર્ણ માહિતી વેબસાઇટ અને કોન્ટેક્ટ પરથી મળી શકશે.

આવા બ્રેઇન સેશનના સંચાલન માટે અમે નામાંકિત શિક્ષણશાસ્ત્રીઓના સલાહ સૂચનો મુજબ આગળ વધી રહ્યા છીએ. જેથી આ કાર્યક્રમ ખૂબજ રસપ્રદ અને ફ્લપ્રદ પૂરવાર થાય અને સમાજ ને શ્રેષ્ઠ શિક્ષકો પ્રાપ્ત થાય. તો આ મહાયજ્ઞમાં શિક્ષકમિત્રો નામાંકન માટે રજિસ્ટર જરૂર કરે એવી શુભભાવના સાથે વિરમુ છું.






## વિજેતાઓ ૨૦૧૫-૧૬, રાજકોટ




અમદાવાદથી સુરત સુધીની એજ્યુકેટર્સ એવોર્ડની યાદગાર મુસાફરી



આ વર્ષના અમારા નામાંકિત યજમાન વાઈબ્રન્ટ ગૃપ ઓફ એકેડમી

## એવોર્ડની યાદી

૧. પ્રિ.સ્કુલ એજ્યુકેટર શિક્ષક એવોર્ડ
૨. પ્રાથમિક શાળા એજ્યુકેટર શિક્ષક એવોર્ડ
૩. માધ્યમિક શાળા એજ્યુકેટર શિક્ષક એવોર્ડ
૪. ડિપ્લોમા, ઉચ્ચતર માધ્યમિક શાળા એજ્યુકેટર શિક્ષક એવોર્ડ
૫. શ્રેષ્ઠ આચાર્ય ઓફ ધી ઈયર એજ્યુકેટર શિક્ષક એવોર્ડ
   (અ) પ્રાથમિક શાળા આચાર્ય
   (બ) માધ્યમિક, ઉચ્ચ માધ્યામિક આચાર્ય
૬. શિક્ષક એજ્યુકેટર એવોર્ડ (બી.એડ, પી.ટી.સી)
૭. સામાજિક સેવા(શૈક્ષણિક) એજ્યુકેટર એવોર્ડ
૮. શ્રેષ્ઠ વિશિષ્ટ (અસમર્થ બાળકોના શિક્ષકો) એજ્યુકેશન એજ્યુકેટર શિક્ષક એવોર્ડ
૯. શ્રેષ્ઠ વાલી શૈક્ષણિક એજ્યુકેટર એવોર્ડ
૧૦. શ્રેષ્ઠ શાળા સંચાલક એજ્યુકેટર એવોર્ડ
૧૧. શ્રેષ્ઠ સંસ્કૃત પાઠશાળાના શિક્ષક/સંસ્થા એવોર્ડ

**૨૦૦૯માં વાઇબ્રન્ટે એક શાળા સાથે તેનો આરંભ કર્યો અને હવે તે તેની ૧૧ શાખાઓ સાથે એક સમૃદ્ધ ગૃપ છે. સમસ્ત ગુજરાત વાઇબ્રન્ટ વિદ્યાગુરુ એલ.એલ.પી.ની હેઠળ છે. તેઓ શૈક્ષણિક સંસ્થાઓને વ્યવસ્થાના મૂલ્યવાન જ્ઞાન આપવામાં પારંગત છે, સઘન અને નવીન ટેક્નોલોજી દ્વારા શિક્ષકોને તાલીમ આપી તેમની શૈક્ષણિકતા નિખારે છે.**

## નોંધણી રજીસ્ટ્રેશન મોકલવાની છેલ્લી તારીખ ૧૫મી નવેમ્બર ૨૦૧૬

**ગત વર્ષે રાજકોટમાં યોજાયેલ એજ્યુકેટર્સ એવોર્ડમાં અમારી સાથે જોડાવા બદલ અમે શ્રીમાન સવજીભાઈ ધોળકીયાના આભારી છીએ.**



**વધુ માહિતી અને નોમિનેશન ફોર્મસ**

**visit www.educatorsaward.com**
**www.theopenpage.co.in**
**www.facebook.com/theopenpage**

**EDUCATOR'S AWARD**

તમારા પ્લેસ્ટોર્સમાંથી "ધી ઓપન પેજ"ની ફ્રી એપ ડાઉનલોડ કરો.

**કોઈપણ પ્રકારની સહાય માટે સંપર્ક કરો.**
**98255 09516 / 99250 32168 / 95860 22210**

THE OPEN PAGE ધી ઓપન પેજ SINCE - 1968 વિદ્યાર્થીઓનું પોતાનું શૈક્ષણિક સામયિક

# સંસ્કૃત ડે

ભારતીય કેલેન્ડર અનુસાર સંસ્કૃત દિવસ શ્રાવણ મહિનાની પૂનમના દિવસે ઉજવવામાં આવે છે. સંસ્કૃત દિવસ આખી દુનિયામાં ઉજવવામાં આવે છે. તેને ઉજવવાનો હેતુ એ જ છે કે આ ભાષાને વધુ ઉત્તેજન મળે છે. આ ભાષાને આમ જનતા સામે લાવવામાં આવે, તે પ્રથમવાર ૧૯૬૯માં ઉજવવામાં આવ્યો હતો.

સંસ્કૃત ભાષા ખૂબજ સુંદર ભાષા છે. એ કેટલાય વર્ષોથી આપણાં સમાજને વધુ સમૃદ્ધ બનાવી રહી છે. સંસ્કૃત ભાષા એ ભારતના વારસાનું પ્રતિક છે. આ એવો ખજાનો છે જે આપણા પ્રાચીન ગ્રંથોના અને ધાર્મિક સાંસ્કૃતિક પરંપરાઓના અસંખ્ય રહસ્યો જાણવામાં મદદ કરે છે. શાસ્ત્ર સંસ્કૃત ભાષામાં જ લખવામાં આવ્યા છે. સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો લખવામાં આવ્યા છે. સંસ્કૃતનાં સ્રોત સામગ્રીએ ખૂબજ દુર્લભ છે. જે સંગ્રહાલયોમાં તેમજ અસંખ્ય ઘરોમાં સચવાયેલ જોવા મળે છે. તો સંસ્કૃત દિવસની ઉજવણી વિશ્વના ખૂણે ખૂણે થવી જોઇએ. કારણકે સંસ્કૃત એ બધી જ ભાષાઓની માતા છે. અને પ્રાંચીન ભારતની પ્રાંચીન ભાષા છે. તેથી બધાને પ્રાંચીન ભારતીય સાહિત્ય વિશે જાણવા મળે. સંસ્કૃત ભાષા ફક્ત મનુષ્યો જ નહીં પરંતુ દેવી-દેવતાઓ પણ બોલતા. તેનો પુરાવો ખુદ ઇશ્વરે આપ્યો છે. કેટલાય વર્ષો પહેલાં જ્યારે બદ્રિનાથ મંદિરમાં ઘણાં બધા પુસ્તકો રાખીને દ્વાર બંધ કરવામાં આવેલા અને ૬ મહિના પછી દ્વાર ખોલ્યા તો બધી જ પુસ્તકોમાં ઉપર રહેલ પુસ્તકોમાં સૌથી ઉપર ભગવાન શિવે ખુદ પોતાના હસ્તાક્ષર રૂપે લખ્યું
'सत्यम् शिवम् सुंदरम्' તો આ ઉપરથી જાણી જ શકાય કે સંસ્કૃત ભાષા અને સંસ્કૃત દિવસ આપણાં માટે કેટલું મહત્વ ધરાવે છે.



**ગર પદ્યુમન પી.**
ધોરણ : ૧૦

# વિશ્વ પર્યટન દિવસ

૨૭ સપ્ટેમ્બર ૧૯૭૦માં વિશ્વ પર્યટન દિવસ ઉજવવામાં આવે છે. ૧૯૮૦થી યુનાઇટેડ નેશન્સમાં આ દિવસ વિશ્વ પર્યટન સંગઠન તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે યુએનડબ્લ્યુટી કાયદા અપનાવવામાં આવ્યા હતા. આ કાયદા દતક વૈશ્વિક પ્રવાસન માટે સીમાચિહ્નરૂપ ગણવામાં આવે છે. આ દિવસનો હેતુ આંતરરાષ્ટ્રીય સમુદાય અંદર પ્રવાસનની ભૂમિકા પર જાગૃતિ વધારવા માટે અને સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક કિંમતો કેવી રીતે દર્શાવવી તે વિશ્વભરમાં અસર કરે છે. ઇસ્તબુલ ઓક્ટોબર ૧૯૯૭માં યુએનડબલ્યુટીઓ જનરલ એસેમ્બલીમાં સંસ્થા ભાગીદાર તરીકે કામ કરવા માટે દર વર્ષે એક યજમાન દેશની રચના કરવા માટે નિર્ણય કર્યો હતો. તેથી વિશ્વ પર્યટન દિવસની ઉજવણી કરવામાં આવે છે. બેઇજિંગ, ચાઇનામાં તેના પંદરમી સત્ર અંતે, ઓક્ટોબર ૨૦૦૩માં વિધાનસભા નીચેની ભૌગોલિક ક્રમમાં વિશ્વ પર્યટન દિવસ ઉજવણી માટે અનુસરવામાં આવી. યુરોપમાં ૨૦૦૬, દક્ષિણ એશિયામાં ૨૦૦૭, અમેરિકામાં ૨૦૦૮, ૨૦૦૯ આફ્રિકામાં અને ૨૦૧૧માં મધ્યપૂર્વમાં. અંતમાં ઇગ્નાટીયસ એક નાઇજિરિયન રાષ્ટ્રીય જે એક વિશ્વ પર્યટન દિવસ તરીકે દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરનો વિચાર કરવામાં આવ્યો. છેવટે ૨૦૦૯માં તેમના યોગદાન માટે માન્ય કરવામાં આવી હતી.



**સેહુના રૈના આર.**
ધોરણ : ૧૦

# ૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસ



**સહાની શીતલ એસ**
ધોરણ : ૧૦




હિન્દી ભારત દેશની માતૃભાષા છે. આપણે ગર્વથી સ્વાકારીએ છીએ કે આપણે હિંદી ભાષી છીએ. જીવનમાં ભાષાનું ઘણું જ મહત્વ છે. અનેક્તામાં એક્તાનો સ્વર હિન્દીના માધ્યમથી ગૂંજે છે. એટલે જ તો બધાજ દેશોને પોતાની એક મૂળ ભાષા હોય છે. જેનું સન્માન કરવું તે દેશવાસીઓનું કર્તવ્ય છે. માન્યું કે ભાષા ભાવનાને વ્યક્ત કરવાનું સાધન છે. પરંતુ આ સાધનમાં એટલુ બળ છે કે જે દુનિયાને બદલી શકે છે. ભારત દેશ ઘણી વિવિધતાઓનો દેશ છે. તેમાં ઘણી ભાષાઓનો સમાવેશ થાય છે. તેમાંથી બધી ભાષાઓમાં હિન્દીને દેશની રાષ્ટ્રભાષામાં સ્થાન દેવામાં આવ્યું છે. આજે દુનિયામાં સૌથી વધારે બોલવામાં આવતી ભાષાઓમાંની એક છે. તેને સન્માન દેવા માટે દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરના દિવસે હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. હકીકતમાં ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના દિવસે આઝાદી પછી હિન્દીને દેશની રાષ્ટ્રભાષાનું ગૌરવ મળ્યું. તેની યાદમાં ૧૯૫૩માં નિર્ણય લેવામાં આવ્યો કે ફળસ્વરૂપે ૧૪ સપ્ટેમ્બરને હિન્દી દિવસના રૂપમાં ઉજવવામાં આવે છે. ૧૪ સપ્ટેમ્બરના સ્વરૂપમાં આ દિવસ મનાવવામાં આવે છે. વિશ્વ સ્તર ઉપર પણ આ ખાસ દિવસને ઉજવવામાં આવે છે. સૌ પ્રથમ ૧૦ જાન્યુઆરી ૧૯૭૫માં નાગપુર, મહારાષ્ટ્રમાં વિશ્વ હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. તેના પછી ૨૦૦૬માં ૧૦ જાન્યુઆરીના દિવસે વિશ્વ હિંદી દિવસના રૂપમાં ઉજવવાનું એલાન કરવામાં આવ્યું.

हिन्दी का सन्मान, देश का सन्मान है
हमारी स्वतंत्रता कहाँ है, राष्ट्रभाषा जहाँ है

# ૧૬ સપ્ટેમ્બર વિશ્વ ઓઝોન ડે

વિશ્વ ઓઝોન દિવસ ૧૯૯૪થી ઉજવવામાં આવે છે અને યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા કરવામાં આવી હતી. આ દિવસે મુખ્યત્વે ઓઝોન સ્તર અવશ્ય અંગે જાગૃતિ ફેલાવવા અને તેના ઉકેલોને જાળવી રાખવા માટે ઉજવવામાં આવે છે. વિશ્વ ઓઝોન દિવસ પણ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.

તત્વીય ઓક્સિજન સામાન્ય રીતે દ્વિ પરમાણ્વીય અણુ સ્વરૂપે મળે છે. પરંતુ વાતાવરણના ઉપરના ભાગમાં ઓક્સિજનના ત્રણ પરમાણુઓ ધરાવતો અણુ મળે છે. જેને ઓઝોન અણુ કહે છે. વાતાવરણમાં આવેલું ઓઝોનનું સ્તર સૂર્યમાંથી નીકળતાં પારજાંબલી વિકિરણોને શોષી લે છે અને પૃથ્વી પર પહોંચતા અટકાવે છે. આમ, રક્ષણાત્મક સ્તર તરીકે કાર્ય કરે છે. ઓઝોન સ્તરની જાડાઇ તેની હાનિકારક કિરણો શોષવાની ક્ષમતા નક્કી કરે છે. આ સ્તર જેટલું વધુ જાડું તેટલી તેની આ ક્ષમતા વધું. ઓઝોન સ્તર ધ્રુવપ્રદેશ પાસે વધુ જાડું છે અને વિષુવવૃત્ત પ્રદેશ તરફ જતાં તે પાતળું બને છે. તાજેતરમાં આ ઓઝોન સ્તરમાં વિઘટન (ગાબડા) નોંધાયા છે.



**ગોહેલ દેવ્યાની જે**
ધોરણ : ૧૦

માનવસર્જિત સંયોજનો જેવા કે ક્લોરો-ફ્લોરો-કાર્બન (cfc) કે જેનો ઉપયોગ રેફ્રિજરેટર તેમજ એરકન્ડિશનરમાં થાય છે. વાતાવરણમાં ઠલવાય છે. આવા સંયોજનો જ્યારે ઓઝોન સ્તર સુધી પહોંચે છે. ત્યારે તે ઓઝોનના અણુઓ સાથે ક્રિયા કરી ઓઝોન સ્તરનું વિઘટન (ગાબડા) કરે છે.

ઓઝન સ્તરમાં ઓઝોન અણુઓની સાંદ્રતામાં ગંભીર ઘટાડાથી નીચે મુજબની હાનિકારક અસરો થઇ શકે છે.

૧. ચામડીના કેન્સરના દર્દીઓમાં ઘટાડો.
૨. આંખના મોતીયામાં તેમજ સૂર્યપ્રકાશથી બળતરામાં મોટા પાયે વધારો.
૩. સજીવોમાં રોગપ્રતિકારક તંત્ર નિષ્ક્રિય થવું.
૪. ધાન્ય અને પ્રાણીઓ પર વિપરીત અસરો.
૫. પૃથ્વીના મહાસાગરોમાં રહેલા 'કાયરો પ્લેન્કટોનની ' વૃદ્ધિમાં ઘટાડો.

# વિશ્વ હૃદય દિવસ

શું આપ જાણો છો કે આપણું શરીર સિતેર હજાર બિલિયન કોશથી બનેલું છે. જેમાં આઠ અંગ અને પાંચ કર્મેન્દ્રિયો છે અને એ બધામાં હૃદય (હાર્ટ) પણ એક મુખ્ય અંગ છે. આપણું હૃદય એક મિનિટમાં સિતેરવાર લોહીને શુદ્ધ કરીને ૬૦ હજાર માઇલ લાંબી નસોની પાઇપલાઇનમાં મોકલે છે. આમ એક સ્વચ્છ હૃદય ૦.૩૦ સેકન્ડ લોહી ફેકવાનું કાર્ય કરીને ૦.૫૫ સેકન્ડ આરામ કરે છે. આ રીતે શરીર બનવાથી મૃત્યુ સુધી હૃદય બંધ થયા વગર પોતાનું કાર્ય કરતું રહે છે અને નસો દ્વારા શરીરના અન્ય ભાગોમાં લોહીનો ખોરાક આપે છે. જેથી શરીરને શુદ્ધ કરેલું લોહી મળતું રહે.



**મકવાણા જેન્સી ડી**
ધોરણ : ૧૦

વિશ્વ હૃદય દિવસ ૨૯મી સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. તેનો હેતુ વ્યક્તિઓમાં હૃદયને લીધે થતાં રોગ અને તે રોગ ન થાય તે માટે જાગૃતિ કરવાનો છે. વિશ્વમાં હૃદયરોગને કારણે થતો મૃત્યુનો દર બધાંથી વધારે છે.

ભારતની વસ્તીના લગભગ ૧૪% લોકો હૃદયની બિમારીથી પીડાય છે. જે ચીનથી છ ગણા અને જાપાનથી ૨૦ ગણા વધારે છે. ભારતમાં દર વર્ષે આશરે ૫ મિલિયન નવા લોકોને હાર્ટ એટેક થાય છે. જેમાં ૧.૬ મિલિયન લોકોનું મૃત્યુ યોગ્ય મેડિકલ સારવાર ન મળવાથી થઇ જાય છે.

હૃદયનો રોગ આખા વિશ્વમાં આજે એક ગંભીર બિમારી બની ગઇ છે. દર વર્ષે વિશ્વ હૃદય દિવસના લીધે વિશ્વના લોકોમાં તેના વિશે જાગૃતતા ફેલાવવામાં આવે છે. આપણા દેશમાં તો હવે નાની ઉંમરના લોકો પણ આ બિમારીનો ભોગ બની રહ્યા છે. આ બિમારીનું સૌથી મોટું કારણ તણાવ છે.




હૃદય દિવસ પોતાના સ્વાસ્થ્ય માટે જાગૃત હોવાની સાથે ધુમ્રપાન છોડવું, પોતાની જીવનશૈલીમાં બદલાવ લાવવો, વ્યાયમનું મહત્વ જાણવું આ બધી વાતનો સોગંદ લેવા માટેનો દિવસ છે.

હૃદય દિવસ ૨૦૧૪નો હેતુ મહિલાઓ અને બાળકો પર ધ્યાન દેવાનો છે. ઘણી શોધોથી એવું નક્કી થયું છે કે હૃદયના રોગો પુરૂષોમાં સૌથી વધારે થાય છે. પરંતુ મહિલાઓએ પણ એ વાતને નજરઅંદાજ ન કરવી જોઇએ. વિશ્વની કુલ મહિલા જેને હૃદય સંબંધી રોગ છે તેમાં ૧૫% ભારતીય મહિલા છે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન બધા લોકોને ઓછા નમકનો ઉપયોગ કરવા પર ભાર મૂકે છે. કારણકે હૃદય સંબંધિત રોગ નમકને કારણે વધારે થાય છે. એટલા માટે જરૂરત પૂરતુ જ નમક ભોજનમાં લેવું જોઇએ. જ્યારે આપણે આપણા શરીરને પોષ્ટિક ભોજનની સાથે ખોટું ખાનપાન તથા હું અને મારૂ દરેક કામમાં ભાગદોડ, દરેક વ્યક્તિ ઉપર શક કરવો, બધો જ ભાર આપણી ઉપર લેવાથી ધીરેધીરે ઉત્પન્ન થતુ ખરાબ કોલેસ્ટોલ આપણા હૃદયની ધમનિયોમાં જઇને જમા થઇ જાય છે. અને મજબુર થઇને હૃદયને ઝડપથી કાર્ય કરવું પડે છે. જેથી શરીરના દરેક અંગને શદ્ધ લોહી મળી શકે.

પોતાના હૃદયને બચાવવાના ઉપાયોને જાણવા તથા તેના વિશે પરિવાર અને મિત્રોને પણ જાગૃત કરવા. જેનાથી આપણા હૃદયની રક્ષા થઇ શકે.

# ચાલો જાણીએ સાક્ષરતાનો ભારતમાં વિષય આંક

જગતમાં દર વર્ષે આઠમી સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવવાની જાહેરાત યુનેસ્કો તરફથી ઇ.સ. ૧૯૬૫નાં વર્ષમાં સત્તરમી નવેમ્બરના દિવસે કરવામાં આવી હતી. આ દિવસની ઉજવણીની શરૂઆત ઇ.સ. ૧૯૬૬ના વર્ષથી કરવામાં આવી હતી. આ દિવસને વિશ્વ સાક્ષરતા દિન તરીકે ઉજવવાનો મુખ્ય હેતુ સાક્ષરતાનું મહત્વ દરેક વ્યક્તિ, સમુદાય તેમજ સમાજને સમજાવી અને તેના વિશે જાગૃતિ લાવવાનો છે.



**પરમાર રાહુલ એલ**
ધોરણ : ૧૦

કોઇપણ દેશનો વિકાસ તેના સાક્ષરતા આંક પરથી નક્કી થાય છે. દેશની શિક્ષિત પ્રજા જ દેશનો વિકાસ કરી શકે. વિશ્વમાં શાંતિ અને સારા સમાજના નિર્માણ માટે સાક્ષરતાનું મહત્વ ખૂબ જ છે. વિશ્વના સૌથી વિકસિત દેશોમાં અભ્યાસ કરતા માલૂમ પડે છે કે શિક્ષિત પ્રજા જ દેશને આગળ વધવામાં મહત્વનો ફાળો ધરાવે છે. શિક્ષણનું મહત્વ દરેક વ્યક્તિએ સમજવું જરૂરી છે.

વિયેટનામના હોચીમીચી અને ડેન્માર્કના ગુન્ટીવીન નામના મહાનુભવોએ નિરક્ષરતા નાબુદી માટે તેમના દેશમાં લોકશાળાઓ શરૂ કરી. નિરક્ષરોને ભણાવવાનું સુંદર ઉપયોગી કાર્ય કર્યુ હતું. તેમના જન્મદિન ૮ સપ્ટેમ્બરને સાક્ષરતા દિવસ તરીકે આખા વિશ્વમાં ઉજવાય છે.



અક્ષરજ્ઞાન કે સાક્ષરતા માનવવિકાસનું અભિન્ન અંગ છે. જેને એક ગુણવત્તા સૂચકઆંક પણ કહી શકાય. માનવીય સભ્યતાનું તે એક પ્રતિક છે. અભણ કે ઓછી સાક્ષરતાથી સામાજિક, આર્થિક અને વૈજ્ઞાનિક વિકાસમાં રૂકાવટ પેદા થાય છે. ઇ.સ. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ૭૪.૦૪% લોકો સાક્ષર હતા. જો કે ૧૯૦૧ની વસ્તી ગણતરીની સાક્ષરતા ૧૪ ગણી વધારે છે. ઓછી સાક્ષરતા અને અભણ વસ્તીએ આર્થિક, રાજનૈતિક અને સામાજિક વિકાસમાં એક અવરોધક પરીબળ છે.

ભારતમાં સાક્ષરતામાં સ્ત્રી-પુરૂષ સાક્ષરતા, ગ્રામાણ શહેરી સાક્ષરતા, ભાષાગૃપ, ધાર્મિક, સામાજિક સમૂહો વગેરેની સાક્ષરતામાં ખૂબ જ અંતર છે. સાક્ષરતાની દૃષ્ટીએ જોઇએ તો ભારતની ઇ.સ. ૨૦૧૧ની સાક્ષરતા ૭૪.૦૪% છે. જેમ ૮૨.૧૪% પુરૂષો અને ૬૫.૪૬% સ્ત્રીની સાક્ષરતા છે. રાજ્યવાર જોઇએ તો સૌથી વધારે સાક્ષરતા કેરળ રાજ્યમાં ૯૨.૯૧% છે. જેમા પુરૂષની સાક્ષરતા ૯૧.૯૮% જેટલી છે. આ પછી ક્રમશઃ લક્ષદ્વિપ ૯૨.૯૮%, મિઝોરમ ૯૧.૯૮, ત્રિપુરા ૮૭.૭૫, ગોવા ૮૭.૪૦ અને દમણ અને દિવ ૮૭.૦૭નું સ્થાન છે. દેશમાં ૧૬ રાજ્ય અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સાક્ષરતાનો દર રાષ્ટ્રીય સાક્ષરતાનો દરથી વધારે જોવા મળે છે. ભારતમાં ઉપરોક્ત રાજ્યમાં વધારે સાક્ષરતા હોવાનું કારણ ખિસ્તી વસ્તીનું વધારે પ્રમાણ અને શહેરીકરણ તથા શિક્ષણ પ્રત્યેની જાગૃતતા છે. જ્યારે પછાત એવા બિહારમાં સાક્ષરતા દર ૬૩.૦૮%, અરૂણાચલ પ્રદેશ ૬૬.૬૫%, રાજસ્થાન ૯૭.૦૬%, ઝારખંડ ૭૬.૬૬%, આંધ્રપ્રદેશ ૬૭.૬૬%, ઉત્તર પ્રદેશ ૬૮.૭૨%, જમ્મુ અને કાશ્મીર ૬૪.૭૪% છે.

ભારતમાં સ્ત્રીઓમાં સાક્ષરતા ૭૫.૪૮% છે. સ્ત્રી સાક્ષરતામાં કેરળનું સ્થાન પ્રથમ છે. જે સ્ત્રી સાક્ષરતા ૯૧.૯૮% ધરાવે છે. ત્યારબાદ મિઝોરમ,લક્ષદ્વિપ, ત્રિપુરા, ગોવા, અંદમાન નિકોબાર ટાપુઓ, ચંદીગઢ વગેરે આવે છે. દેશમાં એવા ૧૮ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્ત્રી સાક્ષરતા રાષ્ટ્રીય પ્રમાણથી વધારે છે. સ્ત્રી સાક્ષરતા સૌથી પછાત રાજ્ય રાજસ્થાન જેમાં ૫૨.૬૬% છે. જેનું કારણ નાની ઉંમરમાં લગ્ન એટલે કે બાળ વિવાહ, પડદાપ્રથા, ઘરની સંભાળ, સામાજિક પ્રતિબંધ વગેરે કારણો છે.


ગ્રામીણ અને શહેરી વિસ્તારોની તુલના કરતા તેમાં ખૂબજ વિષમતા જોવા મળે છે. જનગણના આંકડા મુજબ ૫૯.૦૪% ગ્રામીણ જનતા સાક્ષર છે. જેના પ્રમાણમાં શહેરી સાક્ષરતા ૭૦.૩૦% છે. તેમાં પણ ગ્રામીણ વિસ્તારોમાં સ્ત્રી સાક્ષરતા ૪૬.૭૦% અને શહેરી સાક્ષરતા ૭૩.૨૦% છે. આથી ગ્રામીણ સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે.

ધાર્મિક આધાર પર જોઇએ તો સૌથી વધારે સાક્ષર ૯૪.૦૧% સાથે જૈન આવે છે. ત્યારબાદ ક્રમશઃ ખ્રિસ્તી ૮૦.૦૩%, બૌદ્ધ ૭૨.૦૭%, શીખ ૬૯.૦૪% હિન્દુ ૬૫.૦૧% અને મુસ્લિમ ૫૯.૦૧% છે. આમ હિન્દુ-મુસ્લિમ સાક્ષરતામાં ખાસ અંતર નથી. હિન્દુઓ અને અનુસૂચિત જનજાતિઓનો સાક્ષરતા દર ઓછો છે.

**નોધઃ આંક બધાજ લીબર્ટી સહાયકના છે.**

આપણે જેવું વિચારીએ એવું બની જતા હોઈએ છીએ - **ભગવાન ગૌતમ બુદ્ધ**

# દાંતમાં ઈનેમલ અને ડેન્ટિનનું શું મહત્ત્વ છે ?




આપણા મોઢાના દાંતની જાળવણીમાં સૌથી વધુ મહત્ત્વની તેની સફાઈ છે. ઓછામાં ઓછા બે વાર તો દાંતની સફાઈ કરવી જ જોઇએ. તમને ખબર છે ફ્લોરાઇડ નામનું એક રાસાયણિક તત્ત્વ છે તે દાંતના ઈનેમલને મજબૂત કરે છે. સફેદ રંગના સૌથી ઉપરના આવરણને ઈનેમલ કહેવાય. તે દાંતના અંદરના નાજુક ભાગોનું રક્ષણ કરે છે. ઈનેમલને કારણે જ આપણા દાંત મોતીની જેમ ચમકે છે.

દાંતમાં સડો થવાથી કે કળતર થવાથી ઈનેમલ નીકળી જાય ત્યારે દાંતમાં અસહ્ય દુ:ખાવો થાય છે. ઈનેમલ પછી અંદર પાછા પીળા રંગનું ડેન્ટિનનું આવરણ હોય છે. ડેન્ટિન ઈનેમલ કરતાં થોડુંક ઓછું મજબૂત હોય. દાંતનો સડો ઈનેમલ સુધી પહોંચે પછી ડેન્ટિન સુધી પહોંચતાં દાંતનો દુ:ખાવો વધે છે.

**Posted by HIREN JANI**

## શ્રેષ્ઠ રંગ પૂરણી ચિત્ર




# જોવામાં નકલી લાગતી આ તસવીરો વાસ્તવમાં છે અસલી, જુઓ તસ્વીરો


**આજકાલ સોશિયલ મીડિયામાં એવી ઘણી તસવીરો ફરતી હોય છે કે જેણે જોઇને આપણને તેમાં રહેલ ભેદ સમજણમાં નથી આવતો. ફોટોશોપ અને અનેક ડિફરન્ટ પ્રકારની મોબાઇલ એપની મદદથી લોકો એવી તસ્વીરો બનાવે છે જેને આપણે ઓરિજિનલ સમજીએ છીએ, પણ વાસ્તવમાં તે હોતી નથી. તો જુઓ અને જાણે તેના વિષે.**

### અંડરગ્રાઉન્ડ સ્ટેશન



આ તસ્વીર છે સ્ટોકહોમની. આ એક અંડરગ્રાઉન્ડ સ્ટેશન છે. સ્ટેશનને યાદગાર બનાવવા માટે કેટલાક પ્રકારની થીમનો ઉપોયગ કરવામાં આવ્યો છે. આ તસ્વીરને જોવામાં થોડી ડરાવની લાગે છે, પણ વાસ્તવમાં છે ઓરિજિનલ. આ એલિવેટર તમને સ્ટેશનની બહાર લાવશે.

### ઘરમાં વાદળ



પહેલીવાર જોવામાં આ તસ્વીર તમને ફેક લાગી શકે છે પણ આ સાચી છે. આર્ટિસ્ટ બર્ડનોટ શીમ્ડે રૂમનું તાપમાન અને ભેજ માપીને આવા વાદળો તૈયાર કરે છે. અસલી તસવીર હોવા છતાં આ સાંભળવામાં થોડુ અજીબ લાગી શકે છે.

### બે રંગવાળી બિલાડી




બે રંગવાળી બિલાડી એટલે તમે વિચારતા હશો કે તેના શરીર પર અલગ રંગના દાગ હશે. તમે આવું અનુમાન લગાવતા હોવ તો તમે ખોટા છો કારણ કે આ બિલાડી બે અલગ રંગમાં જ મોટી થઇ છે. વાસ્તવમાં આ બિલાડીની આંખો પણ અલગ રંગની છે. આ બિલાડીના શરીરમાં બે પ્રકારના ડીએનએ છે. તેથી તે બે રંગની છે.

### અલગ અલગ રંગોની મકાઈ



જ્યારે મકાઈની વાત આપણે બધાના મગજમાં સૌથી પહેલા પીળો કલર જ આવે ખરું ને ? એક દેશ એવો છે જ્યાં પીળા રંગની મકાઈનું ઉત્પાદન થાય છે. તમે આ મકાઈને ખાઇ પણ શકો છો.

### પહાડ પર જહાજ



પહેલીવાર આને જોઈને કોઈપણ ચકિત થઈ શકે છે. આ એક રીઝોર્ટ છે, જે કોરિયામાં સ્થિત છે. આ રીઝોર્ટનું નામ 'સન ક્રુઝ રીઝોર્ટ એન્ડ યાટ' છે. આને જોવા માટે દૂર-દૂરથી પર્યટકો આવે છે. આ કોઈ અજાયબીથી ઓછું નથી.

### લાંબા શીંગડાંવાળી ગાય



એમાં કોઈ શક નથી કે આ ગાયને દુનિયાના સૌથી લાંબા શીંગડાં છે. આ તસવીર ફેક નથી કે આમાં કોઈ ફોટોશોપનો કમાલ નથી. વિશ્વાસ ન આવે તો ગુગલ તમારી મદદ કરી શકે છે.

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૯-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________


**ફોટો**




## આપેલા આકાર કટ કરી ચિત્રમાં યોગ્ય જગ્યાએ ચોંટાડી ચિત્ર પૂર્ણ કરો




## આપેલા નંબર પ્રમાણે સાપમાં બતાવ્યા મુજબના રંગ પૂરો





## નીચેના ચિત્રોમાં જુદા પડતા ચિત્ર ફરતે ગોળ દોરો



## બાળકો! ચાલો રસ્તો શોધીએ




## દર્શાવેલા નંબર જોડો




## મીંડાથી ચાલુ કરી બતાવેલી લાઈન સ્ટાર સુધી જોડો




## ચાલો ઘર દોરતા શીખીએ




## દ્રાક્ષમાં એ.બી.સી.ડી પ્રમાણે દર્શાવેલા કલર પૂરો

A RED, C GREEN, B BLUE, F ORANGE, E PINK, G YELLOW, H BROWN

I BLACK, D WHITE




## સરવાળા કરો - ગણતરી કરી યોગ્ય સંખ્યા મૂકો





0 1 2 3 4 5 6 7 8 9

## ક્રમમાં આવતા ચિત્રને નીચે આપેલા ખાનામાંથી કાપી યોગ્ય ક્રમમાં મૂકો



## ગણતરી કરી સાચા જવાબ સામે લાઈન દોરો



Three

Four

Five

Two

One

## કુલ દસ તફાવતો છુપાયેલા છે આ ચિત્રમાં તે શોધો



# ભારતે સ્વતંત્રતા કેવી રીતે મેળવી? શું તમે આ જાણો છો?






૧૮૫૭નો ભારતીય સૈનિકનો બ્રીટીશની ઈસ્ટ ઈડિયા કંપની સામેનો બળવો એ ભારતીય સર્વ પ્રથમ સ્વતંત્રતા માટેની લડત ગણાય છે. શું ૧૯૪૭માં ભારતીયસેના (રોયલ ઈન્ડીયન આર્મી, રોયલ ઈન્ડીયન એરફોર્સ અને રોયલ ઈન્ડીયન નેવી) નો બ્રીટીશ સરકાર સામેનો બળવો એ સ્વતંત્રતા માટેનો આખરી સંઘર્ષ હતો? અને શું આ બળવો આપણી સ્વતંત્રતા નું મુખ્ય કારણ બન્યું.

આ પ્રશ્નના જવાબ માટે આપણે ઈતિહાસમાં ડોકુ કરવું પડશે. મહાત્મા ગાંધીની અહિંસક લડાઈને કારણે ભારતને સ્વતંત્રતા મળી છે કે નેતાજી સુભાષચંદ્ર બોઝ ની આઝાદ હિંદ ફોજ અને એની અસર ભારત પર જે રીતે પડી એના કારણે આપણે આઝાદી મેળવી અને અંગ્રેજોને ભારત છોડવા મજબૂર થવું પડ્યું ? આવો આ ૧૫ ઓગષ્ટના દિવસે સ્વતંત્રતા દિવસ ઉજવ્યો અને ભારતની આઝાદીના લડવૈયાને યાદ કર્યા પણ આપણા થી જે હકિકત છુપાવવામાં આવી છે એ હકિકત સામે લાવવી જરૂરી છે. આ હકિકત જો આપણે ઈન્ટરનેટ પર સર્ચ કરીએ તો તરત બહાર આવે છે.

એક પ્રખ્યાત ડીફેન્સ આલોચક જનરલ જી.ડી. બક્ષીએ નેતાજી ઉપર ઘણું રીસર્ચ કરેલ છે અને એક ચોપડી પણ લખી છે. જેનુ નામ છે "નેતાજી ભારતીય લડવૈયા" (Netaji An Indian samurai) આ ચોપડીમાં જનરલ બક્ષીએ ઈંગલેન્ડના માજી વડાપ્રધાન શ્રી કલેમન્ટ એગ્લી અને વેસ્ટ બંગાલના ગવર્નર જસ્ટીસ ચક્રવર્તી વચ્ચેના વાર્તાલાપ નો ઉલ્લેખ કરેલ છે. આ વાર્તાલાપ ૧૯૫૬માં જ્યારે એગ્લી ભારત આવતા હતાં અને કલકતામાં ગવર્નર ના બંગલામાં રહ્યા હતા ત્યારનો છે. શ્રી એગ્લી ૧૯૪૫ થી ૧૯૫૨ સુધી ઈંગલેન્ડના વડાપ્રધાન રહ્યા હતાં અને એમણે જ ભારતની આઝાદીના પ્રસ્તાવ પર સહી કરી હતી.

એ વખતના ગવર્નર શ્રી પી.બી.ચક્રવર્તી જે વેસ્ટ બંગાલ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ હતા અને ગવર્નરની ભૂમીકા પણ ભજવતા હતાં. એમણે એક પલ્લી સરને કાગળ લખ્યો હતો. પલ્લીસરે શ્રી મજૂમદારની બુક 'બંગાળનો ઈતિહાસ' છાપી હતી. એમણે આ કાગળમાં લખ્યું જ્યારે હું બંગાળનો એકટીંગ ગવર્નર હતો ત્યારે ઈંગલેન્ડના માજી પ્રધાનમંત્રી શ્રી એગ્લીએ બે દિવસ ગવર્નર પેલેસમાં ગાળ્યા હતાં. શ્રી એગ્લી એજ પ્રધાનમંત્રી છે. જેને આપણને આઝાદી આપનાર અને બ્રીટીશ હુકુમત ભારતમાંથી પાછા ખેંચી લેવાના કાનૂન પર સહી કરી હતી. એ વખતે મેં એમની સાથે ભારતને આઝાદી મળવાના કારણો ઉપર લાંબી ચર્ચા કરી હતી. એમણે લખ્યું કે મેં એગ્લીને સીધો પ્રશ્ન પૂછ્યો કે ગાંધીજીનું ભારત છોડો આંદોલન શાંત પડી ગયું હતું અને ૧૯૪૬-૪૭ માં એવી કોઈ અસાધારણ સ્થિતી ન હતી કે જેનાથી ઈંગલેંડે ભારત છોડવું પડે. તો પછી તમે કેમ ભારત છોડીને જતા રહ્યા ?

એના જવાબમાં એગ્લીએ ઘણાં કારણો બતાવ્યા પણ સૌથી અગત્યનું કારણ બતાવ્યું એ કે રોયલ ઈન્ડીયન આર્મી, એરફોર્સ અને નેવી ના જવાનોનું ઈંગલેંડની રાણી તરફની વફાદારી ઓછી થવી.

શ્રી ચક્રવર્તીનો બીજો સીધો સવાલ હતો તે આ નિર્ણયમાં ગાંધીજીની કેટલી અસર? આના જવાબમાં શ્રી એગ્લીએ હસતા જવાબ આપ્યો કે બહુજ ઓછો (m-i-n-i-m-a-l)

આ વાર્તાલાપ સૌથી પહેલા ૧૯૮૨માં રંજનબોરાએ Institute ? Historical Reseadi નામની જનરલ માં છાપ્યો હતો. જેનું ટાઈટલ હતું. 'આઝાદ હિંદ ફોજ અને ભારતની સ્વતંત્રતા લડત'

શ્રી એગ્લીના આ જવાબો ની સચ્ચાઈ જાણવા આપડે ૧૯૪૫નાં ઈતિહાસમાં એક નજર કરવી પડશે. ૧૯૪૫નાં બીજા વિશ્વ યુદ્ધના સમાપન પછી જે બનાવો બન્યા એનું વિશ્લેશણ કરવું પડશે. બીજુ વિશ્વ યુદ્ધ અલાઈડ ફોર્સીસ જેમાં ઈંગલેન્ડ અને અમેરીકા મુખ્ય હતા તે જીતી ગયા હતાં. હિટલરનું જર્મની અને જપાને હાર સ્વીકારી હતી જીતેલા દેશોએ પોતાનું વર્ચસ્વ બતાવવા હારેલા સૈન્ય સામે ન્યાયીક પગલા લેવા માંડ્યા. ઓગષ્ટ ૧૯૪૫માં નેતાજી સુભાષચંદ્ર બોઝ ને મૃત જાહેર કરવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી આઝાદ હિંદના ત્રણ ઉંચા હોદ્દા ધરાવનાર ઓફીસમાં જનરલ શાહ નવાઝ (મુસ્લીમ), કર્નલ પ્રેમ સેહગલ (હિન્દુ) અને કર્નલ ગુરબક્ષી સિંહ ધીલોન (શીખ) ઉપર લાલ કિલ્લામાં કેસ ચલાવવામાં આવ્યો. એમા એમનો ગુનો ઈગલેંડના રાની સામે યુદ્ધ જાહેર કરવાનો કેસ દાખલ થયો.

જવાહરલાલ નહેરૂ આ ત્રણ બહાદૂર ઓફીસર્સના વકીલ હતા. પણ એજ વખતે નહેરૂ, ગાંધીજીના અને મૌલાના આઝાદે બ્રીટીશર સાથે ખાનગી કરાર કર્યો કે જો સુભાષચંદ્ર બોઝ ભારત પાછા ફરે (જોકે આપણને તો એવું કહેવામાં આવ્યું હતું કે તેઓ ઓગષ્ટ ૧૯૪૫માં હવાઈ દુર્ઘટનામાં મરી ગયા છે.) તો એમને ઈંગલેન્ડને સોંપી દેવામાં આવશે.

લાલ કિલ્લામા આ કેસમાં આમ જનતાને બહુજ રસ પડ્યો કારણકે લોકોને સુભાષચંદ્ર બોઝ પર માન અને ગર્વ હતું અને આઝાદ હિંદ ફોજે આસામ સુધી જીત મેળવીને જે પુરવાર કર્યુ હતું. આ કેસને કારણે ભારતમાં ઘણો ગુસ્સો હતો. અને દેશ પ્રેમની લાગણી મજબૂતી થી બહાર આવવા માંડી. આ બધી વાતો વાયરલેસથી અને પ્રેસના માધ્યમથી ઈન્ડીયન નેવીના જહાજ પર પણ પહોંચી. આ જહાજ ઉપર ભારતીય નૌસૈનિકને સારી સગવડ નહોતી મળતી. આ સમાચારથી એમને ચેતના મળી અને તેઓએ સરકાર સામે બળવો કરી દીધો.

ભારતીય સૈનિકો જે બ્રીટીશ ફોજમાં કામ કરતા હતાં એ લાલ કિલ્લાના આ કેસ ચાલવાથી બહુજ ના ખુશ હતાં. ૧૯૪૬ના ફેબ્રુઆરી મહિનામાં લગભગ ૨૦,૦૦૦ જેટલા ભારતીય નૌ સૈનિકો એ ૭૮ જહાજ પર બળવો કરી દીધો. એ બધા મુંબઈમાં નેતાજીનો ફોટો લઈને ફર્યા અને બધા બ્રીટીશરોને જય હિંદ અને બીજા INA ના સ્લોગન બોલાવવાની ફરજ પડી. જહાજ ઉપર ઈંગલેન્ડનો ધ્વજ ઉતારી નાખવામાં આવ્યો અને ઈંગલેન્ડના અધિકારીના હુકમ માનવાનું બંધ કરી દીધું. આવી જ રીતે રોયલ ઈન્ડીયન એરફોર્સ અને રોયલ ઈન્ડીયન આર્મીમાં પણ આવાજ બળવાની અસર દેખાઈ. જબલપુરમાં તો ખાસ ઈંગલેન્ડ ગભરાઈ ગયું હતું. બીજા વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર ૨૫ લાખ ભારતીય સૈનિક હતાં. યુદ્ધમાં ભાગ લીધો હતો. અને ઘણી સારી રીતે તાલીમ પામેલા હતાં.

નેવીનો આ બળવો જોઈને મુંબઈવાસીઓએ પણ હડતાલ પાડી. રોયલ ઈન્ડીયન એરફોર્સ અને પોલીસે પણ ઘણા શહેરમાં આ હડતાલમાં જોડાયા. મદ્રાસ અને પુનેમાં ભરતીય સૈનિકોએ ખુલ્લેઆમ હુકમ માનવાની ના પાડી દીધી અને આ રીતે આખા દેશમાં બળવાના માહોલે જોર પકડ્યું. બળવાખોરોએ ત્રણ ધ્વજ ફરકાવવા માંડ્યા. કોગ્રેસનો, INA નો અને કોમ્યુનીસ્ટનો બ્રીટીશરોને કારમાંથી ઉતારી ને જય હિંદના નારા બોલવા મજબૂર કરતા હતાં. ભારતનો ત્રિરંગો ઘણા જહાજ અને બીજા કેમ્પસમાં બીજા જ દિવસે ફરકાવવામાં આવ્યાં.

આ એટલી મોટી ક્રાંતી હતી કે બ્રીટીશરોએ ડીસ્ટ્રોયર (Destroyer) મુંબઈ બંદરે લાવવી પડી. ઓસ્ટ્રેલિયન અને કેનેડાના નેવીને પણ બુલાવો મોકલવામાં આવ્યો.

ત્રીજા દિવસે રોયલ એરફોર્સના બોઈલર સ્કોવડ્રને મુંબઈ બંદર ઉપર આના સપોર્ટમાં ઉડાણો ભર્યા. અને એ વખત સુધી ભારતીય સૈનિકોએ બહાદૂર, ચમક અને હિમાલય નામના ત્રણ જહાજ અને નેવીની એન્ટી-એરક્રાફટ સ્કૂલ ઉપર કબજો મેળવી લીધો હતો. આ બધુ થયા પછી બ્રીટને નેવી સૈનિકોના સામનો કરવાનું નક્કી કર્યુ. હિમાલય નામના જહાજ પર બહુજ ખૂન-ખરાબાવાળી લડત થઈ. જેમાં ઘણા ભારતીય સૈનિક શહીદ થયા અને જહાજ પણ ડૂબી ગયું.

૧૯૪૫-૪૬માં હિન્દુ - મુસ્લીમ વચ્ચે હુલ્લડો ઘણા થયા હતા. અને એ દરમિયાન આ ક્રાંતીકારી બળવાએ હિન્દુ - મુસ્લીમને એક કર્યા આખા ભારતમાં એકતાનાં સુરે બધા ભારતીય સેના જેમાં પુલીસ પણ ભાગીદાર થઈ હતી. એમની સાથે ઉભા જોવા મળ્યા. આવા વખતે નેશનલ લીડરોએ આને સાથ ન આપ્યો અને એટલુ જ નહીં પણ આનું ખંડન પણ કર્યુ.

આ બળવામાં કોઈ લીડર ન હતું. પણ તેમણે જે પ્રાપ્ત કર્યુ એ બીજી કોઈ ચળવળ કે બીજા કોઈ નેતા પહેલા ૨૫૦ વર્ષમાં નહોતા કરી શક્યા. નેતાજીએ આવી પરિસ્થિતીની કલ્પના કરી હતી પણ એમને પણ ખ્યાલ નહી હોય કે આઝાદ હિંદ ફૌજ ની નાકામીથી આવી ચિનગારી નીકળશે. એ વખતના બધાજ મોટા લીડર ગાંધજી, નહેરૂ, સરદાર પટેલ અને બધાએ આ ચળવળને નકારી દીધી. ઈતિહાસના સૌથી ખરાબ ધર્મના તણાવ વચ્ચે આ ક્રાંતી જાણે ભગવાને મોકલી હતી કે જેથી હિન્દુ - મુસ્લીમ એક થઈ જાય અને જે લીડર શાંતીની વાતો કરતા હતાં એમણે જ મદદ ના કરી. અને ખંડન કરી અને આ લડતને નીચી દેખાડવાનો પ્રયત્ન કર્યો.

૧૯૪૬નો આંતરીક ઈન્ટેલીજન્સ રીપોર્ટે બતાવ્યું કે હવે ભારતીય સૈનિક ગુસ્સામાં છે અને બ્રીટીશરોના હુકમ માનશે એની કોઈ ખાતરી નથી. એ વખતે માત્ર ૪૦,૦૦૦ બ્રીટીશ સૈન્ય ભારતમાં હતું. અને બીજા વિશ્વયુદ્ધ પછી એ પણ પોતાને ઘરે જવા આતુર હતું. અને તેથી આ ૪૦,૦૦૦ સૈન્ય ૨ લાખ ભારતીઓનો મુકાબલો કરવા તૈયાર ન હતા અને સક્ષમ પણ ન હતા.

આ રીતે સ્વતંત્રતાની છેલ્લી લડાઈ, પહેલી લડાઈ જેવી જ ઉગ્ર હતી. આ છેલ્લી સ્વતંત્રતાની લડાઈ '૧૯૪૬ની રોયલ ઈન્ડીયન નેવી મ્યુટીની' તરીકે ઓળખાય છે. ઈન્ટરનેટ પર આવી ઘણી માહિતી ઉપલબ્ધ છે.

તમે તમારા વિચાર અમને મોકલી શકો છો.



**વેટરન વિંગ કમાંન્ડર**
**જયદેવ દેસાઈ**

# ત્રિપદા હાઈસ્કૂલનો પ્રવૃત્તિ પમરાટ

શ્રાવણ માસ- શિવજીની આરાધના કરવાનો અમૂલ્ય અવસર અને તહેવારોની ભરમાર. ઓગસ્ટ માસમાં ધાર્મિક તહેવારો અને આપણું સ્વાતંત્ર્ય પર્વ સ્વતંત્રતા દિનની ઉજવણી જીવનને ધબકતું રાખે છે. શાળાકક્ષાએ અભ્યાસની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ખૂબ જ અગત્યની છે. બાળકોમાં દેશભાવના પ્રબળ બને, દેશભક્ત પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થાય, સ્વાતંત્ર્ય સેનાની ઓ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવ દર્શાવવા ત્રિપદા હાઈસ્કૂલ, રન્નાપાર્ક શાળા ખાતે દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ તાલ અને લય સાથે સુંદર ગીતો દ્વારા પોતાના ભાવો વ્યક્ત કર્યા હતા. સાથે સાથે ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ સ્વતંત્ર ભારત ઘડવૈયા એવા આપણા વીર દેશભક્તા નેતાઓની પ્રતિકૃતિ બની તેઓના ત્યાગ અને બલિદાનની યાદ કરાવી હતી, તથા રાષ્ટ્ર પ્રત્યે પોતાનો પ્રેમ દર્શાવ્યો હતો. ૧૫મી ઓગસ્ટે પણ ત્રિપદા હાઈસ્કૂલ દ્વારા શહીદો ને અંજલી અપાતું તથા સરહદોને નષ્ટ કરી વિશ્વ બંધુત્વની ભાવના ફેલાવવાનો સંદેશ આપતું સુંદર નાટક રજૂ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત શ્રાવણ સુદ પૂનમના દિવસે ઉજવતા રક્ષાબંધનનો પવિત્ર તહેવારની ઉજવણી ઉત્સાહથી કરવામાં આવી હતી. તેમાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓએ રાખડીને વિવિધ રંગોથી સજાવી હતી અને ધોરણ ૫ થી ૯ના વિદ્યાર્થીઓએ વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી જાતે રાખડી બનાવી પોતાની કળા દર્શાવી હતી.



RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad. All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386